Extra No. 30 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLV] SATURDAY, MARCH 6, 2004/PHALGUNA 16, 1925

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IX**

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૦૪.

તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૪ના ગુજરાત સરકારી રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૦૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૫ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**કે. કે. જોષી,**
સરકારના નાયબ સચિવ.

# GUJARAT ACT NO. 5 OF 2004.

# THE GUJARAT AGRICULTURAL UNIVERSITIES ACT, 2004.

ગુજરાત વિધાનમંડળનાં નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૨૦૦૪ના માર્ચ મહિનાની ૪થી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

**એસ. એસ. પરમાર,**
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

## GUJARAT ACT NO. 5 OF 2004.

## AN ACT

*to establish and incorporate a teaching and affiliating Universities for imparting education in agriculture and allied sciences in the State of Gujarat to be known as the Anand Agricultural University, the Junagadh Agricultural University, the Navsari Agricultural University and the Sardar Krushinagar Dantiwada Agricultural University,*

## સન ૨૦૦૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૫ .

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૦૪ના માર્ચ મહિનાની ૬ઠ્ઠી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર" માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો)

**ગુજરાત રાજયમાં આણંદ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, નવસારી કૃષિ યુનિવર્સિટી અને સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી નામની કૃષિ અને સંલગ્ન શાસ્ત્રોનું શિક્ષણ આપવા માટે અધ્યાપન અને જોડાણ કરનારી યુનિવર્સિટીઓ સ્થાપવા અને તેનું સંસ્થાપન કરવા બાબત અધિનિયમ.**

આથી, ભારતના ગણરાજ્યના પંચાવનમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

## પ્રકરણ ૧

## પ્રારંભિક

૧. (૧) આ અધિનિયમ ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ, ૨૦૦૪ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) આ કલમ તરત જ અમલમાં આવશે અને બાકીની જોગવાઈઓ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નકકી કરે તેવી તારીખે તે અમલમાં આવશે અને અધિનિયમની જુદી જુદી જોગવાઇઓ માટે જુદી જુદી તારીખો નકકી કરી શકાશે અને આ અધિનિયમના આરંભની તારીખ માટે એવી કોઈપણ જોગવાઈમાંના કોઇપણ ઉલ્લેખનો અર્થ, તે જોગવાઇ અમલમાં આવ્યાની તારીખના ઉલ્લેખ તરીકે કરવો જોઇશે.

વ્યાખ્યા. ૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(૧) ''એકેડેમિક કાઉન્સિલ '' એટલે યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલ;

(૨) ''કૃષિ(ખેતી)'' એટલે ભૂમિ અને જળવ્યવસ્થાપન, (બગીચાના તમામ પાક અને છોડ, જંતુઓ અને રોગોના નિયમન સહિત) પાકનું ઉત્પાદન, બાગાયત, પશુચિકિત્સા અને ડેરી વિજ્ઞાન સહિત પશુપાલન, મંત્સ્યોદ્યોગ, કૃષિ વનવિદ્યા સહિત વનવિદ્યા, જમીન વપરાશ અને વ્યવસ્થાપન અને અર્થશાસ્ત્ર, સહકાર, ખેતીને લગતી પ્રક્રિયા અને માર્કેટીંગ (બજારવ્યવસ્થા) ને લગતા મૂળભૂત અને પ્રયોજિત શાસ્ત્રો;

(૩) ''સંલગ્ન કોલેજ'' એટલે કલમ ૩૧ હેઠળ સંલગ્ન કોલેજ;

(૪) ''બોર્ડ'' એટલે કલમ ૧૮ હેઠળ રચાયેલ સંચાલક મંડળ;

(૫) ''કોલેજ'' એટલે -

(૧) યુનિવર્સિટી વિસ્તારમાં આવેલ, પ્રિન્સિપાલના નિયંત્રણ અને સંચાલન હેઠળની યુનિવર્સિટીની અંગભૂત કોલેજ; અથવા

(૨) યુનિવર્સિટીની કોઇ પદવી માટેની લાયકાત મેળવવા માટેની પરીક્ષામાં તેના વિદ્યાર્થીઓને મોકલવાને અધિકૃત કરેલ હોય તેવી સંલગ્ન કોલેજ;

(૬) ''અંગભૂત કોલેજ'' એટલે યુનિવર્સિટીની કોલેજ;

(૭) ''વિભાગ'' એટલે વિષય અથવા વિષયોના સમૂહના સંબંધમાં સ્ટેચ્યુટથી વિભાગ તરીકે મુકરર કરવામાં આવે તે વિભાગ;

(૮) ''વિસ્તરણ શિક્ષણ'' એટલે સુધારેલી ખેતી પધ્ધતિ અંગે અને ખેતી તથા ખેત ઉત્પાદન અને માર્કેટીંગને લગતા વૈજ્ઞાનિક ટેકનોલોજીના વિવિધ તબકકા અંગે ખેડૂતો અને ઘર બનાવનારાઓને અને ખેતીવાડી કરતા બીજા જૂથોને, તાલીમ આપવા સાથે સંકળાયેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓ;

(૯) ''વિભાગના વડા'' એટલે કૃષિ અને સંલગ્ન શાસ્ત્રોનું શિક્ષણ આપવા અથવા કૃષિમાં સંશોધન કરવા અને માર્ગદર્શન આપવા વિભાગમાં કૃષિ વિસ્તરણનો કાર્યક્રમ યોજવા અને માર્ગદર્શન આપવા માટે મુખ્યતઃ જવાબદાર અધ્યાપક;

(૧૦) ''છાત્રાલય'' એટલે યુનિવર્સિટી દ્વારા નિભાવાતું અથવા માન્ય કરેલ વિદ્યાર્થીઓનું નિવાસનું એકમ;

(૧૧) ''ઠરાવેલું'' એટલે સ્ટેચ્યુટથી ઠરાવેલું;

(૧૨) ''પ્રિન્સિપાલ'' એટલે કોલેજના વડા;

(૧૩) ''માન્ય સંસ્થા'' એટલે સંલગ્ન કોલેજો સિવાયની ખેતી અથવા ખેતી વિસ્તરણમાં સંશોધન માટેની સંસ્થા;

(૧૪) ''રજિસ્ટર થયેલ સ્નાતક'' એટલે આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ રજિસ્ટર થયેલ સ્નાતક;

(૧૫) ''સ્ટેચ્યુટ'' અને '' વિનિયમો'' એટલે આ અધિનિયમ હેઠળ કરેલ યુનિવર્સિટીના અનુક્રમે સ્ટેચ્યુટ અને વિનિયમો;

(૧૬) ''યુનિવર્સિટીનો વિદ્યાર્થી'' એટલે પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન માટે અભ્યાસ કરવા માટે યુનિવર્સિટીમાં નોંધાયેલ વ્યક્તિ;

(૧૭) ''અધ્યાપકો'' એટલે કૃષિ અને સંલગ્ન શાસ્ત્રોમાં શિક્ષણ આપતા અથવા કૃષિમાં સંશોધન કરતા અને માર્ગદર્શન આપતા અથવા વિસ્તરણ શિક્ષણના કાર્યક્રમો કરતા અને માર્ગદર્શન આપતા પ્રોફેસરો, એસોસિયેટ પ્રોફેસરો, મદદનીશ પ્રોફેસરો અને તેવી બીજી વ્યક્તિઓ;

(૧૮) ''યુનિવર્સિટીના અધ્યાપકો'' એટલે કૃષિ અને સંલગ્ન શાસ્ત્રોમાં શિક્ષણ આપવા માટે અથવા કૃષિમાં સંશોધન કરવા માટે અથવા માર્ગદર્શન આપવા માટે અથવા વિસ્તરણ શિક્ષણના કાર્યક્રમો કરવા અને તેનું માર્ગદર્શન આપવા માટે યુનિવર્સિટીએ નીમેલા અથવા માન્ય કરેલા અધ્યાપકો;

(૧૯) ''યુનિવર્સિટી'' એટલે આ અધિનિયમની કલમ ૩ હેઠળ રચાયેલી યુનિવર્સિટી;

(૨૦) ''યુનિવર્સિટી વિસ્તાર'' એટલે અનુસૂચિ-૧ના ભાગો ૧,૨, ૩ અને ૪ માં અનુક્રમે નિર્દિષ્ટ કરેલ આણંદ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, નવસારી કૃષિ યુનિવર્સિટી અને સરદાર કૃષિનગર દાંતીવાડા યુનિવર્સિટીના વિસ્તાર;

(૨૧) ''યુનિવર્સિટી કોલેજ'' એટલે આ અધિનિયમ હેઠળ યુનિવર્સિટી સ્થાપે અથવા નિભાવે તેવી કોલેજ;

(૨૨) ''યુનિવર્સિટી વિભાગ'' એટલે યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવતી કોઇ કોલેજ અથવા વિભાગ.

## પ્રકરણ ૨

## યુનિવર્સિટીઓ

**યુનિવર્સિટીઓનું સંસ્થાપન.**

૩. (૧) (ક) આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલાધિપતિ, પ્રથમ કુલપતિ અને સંચાલક મંડળ અને એકેડેમિક કાઉન્સિલના પ્રથમ સભ્યો અને હવે પછી એવા અધિકારીઓ અથવા સભ્યો બનનાર તમામ વ્યક્તિઓ, એવો હોદ્દો અથવા સભ્યપદ ધરાવતા રહે ત્યાં સુધી, તે બધાનું '' આણંદ કૃષિ યુનિવર્સિટી '' એ નામનું સંસ્થાપિત મંડળ, આથી, રચવામાં આવે છે.

(ખ) જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલાધિપતિ, પ્રથમ કુલપતિ અને સંચાલક મંડળ અને એકેડેમિક કાઉન્સિલના પ્રથમ સભ્યો અને હવે પછી એવા અધિકારીઓ અથવા સભ્યો બનનાર તમામ વ્યક્તિઓ, એવો હોદ્દો અથવા સભ્યપદ ધરાવતા રહે ત્યાં સુધી, તે બધાનું '' જુનાગઢ કૃષિ યુનિવર્સિટી '' એ નામનું સંસ્થાપિત મંડળ, આથી, રચવામાં આવે છે.

(ગ) નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલાધિપતિ, પ્રથમ કુલપતિ અને સંચાલક મંડળ અને એકેડેમિક કાઉન્સિલના પ્રથમ સભ્યો અને હવે પછી એવા અધિકારીઓ અથવા સભ્યો બનનાર તમામ વ્યક્તિઓ, એવો હોદ્દો અથવા સભ્યપદ ધરાવતા રહે ત્યાં સુધી, તે બધાનું '' નવસારી કૃષિ યુનિવર્સિટી '' એ નામનું સંસ્થાપિત મંડળ, આથી, રચવામાં આવે છે.

(ઘ) સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલાધિપતિ, પ્રથમ કુલપતિ અને સંચાલક મંડળ અને એકેડેમિક કાઉન્સિલના પ્રથમ સભ્યો અને હવે પછી એવા અધિકારીઓ અથવા સભ્યો

બનનાર તમામ વ્યકિતઓ, એવો હોદ્દો અથવા સભ્યપદ ધરાવતા રહે ત્યાં સુધી, તે બધાનું "સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી" એ નામનું સંસ્થાપિત મંડળ, આથી, રચવામાં આવે છે.

(૨) યુનિવર્સિટીને શાશ્વત ઉત્તરાધિકાર અને એક સામાન્ય સીલ રહેશે અને સદરહુ નામથી તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે.

(૩) યુનિવર્સિટી જંગમ અને સ્થાવર એમ બન્ને પ્રકારની મિલકત સંપાદિત કરીને ધરાવી શકશે અને યુનિવર્સિટીના હેતુઓ માટે તેનામાં નિહિત થાય અથવા તે પ્રાપ્ત કરે તેવી કોઇ જંગમ અથવા સ્થાવર મિલકત પટે આપી શકશે, વેચી શકશે અથવા અન્યથા તબદીલ કરી શકશે, તેની અસ્કયામતોની જામીનગીરીઓ ઉપર લોન ઉભી કરી શકશે અને કરાર કરી શકશે, અને આ અધિનિયમના હેતુઓ માટે જરૂરી હોય તેવા બીજા તમામ કૃત્ય કરી શકશે:

પરંતુ આવી કોઇ લોન ઉભી કરવાની સત્તા, રાજય સરકારની પૂર્વ પરવાનગી મેળવ્યા પછી વાપરવી જોઇશે.

(૪) મુખ્ય મથકો-

(ક) આણંદ કૃષિ યુનિવર્સિટીનું આણંદ ખાતે રહેશે;

(ખ) જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનું જુનાગઢ ખાતે રહેશે;

(ગ) નવસારી કૃષિ યુનિવર્સિટીનું નવસારી ખાતે રહેશે; અને

(ઘ) સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનું દાંતીવાડા ખાતે રહેશે.

પ્રાદેશિક હકૂમત.

૪. (૧) યુનિવર્સિટી અથવા કોલેજ સ્તરે કૃષિ અને સંલગ્ન શાસ્ત્રોના અધ્યાપન અને કૃષિના ક્ષેત્રમાં સંશોધન અને વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમના સંબંધમાં, યુનિવર્સિટીની પ્રાદેશિક હકૂમત અને જવાબદારી યુનિવર્સિટી વિસ્તાર સુધી વિસ્તરેલી રહેશે.

(૨) યુનિવર્સિટી, કૃષિ શિક્ષણના તમામ સ્તરોએ, રાજય કૃષિશાળાઓ, ગ્રામ સેવક તાલીમ કેન્દ્રો અને સ્ટોકમેન તાલીમ વર્ગ જેવા ક્ષેત્ર વિસ્તરણ સ્ટાફની તાલીમ સહિત સત્રાંત તાલીમ આપતી તમામ સંસ્થાઓના સ્થાપન અને નિભાવની જવાબદારી ધારણ કરી શકશે.

(૩) યુનિવર્સિટીની હકૂમત અને સત્તાધિકાર હેઠળ આવતી તમામ કોલેજો, સંશોધન અને પ્રાયોગિક મથકો અથવા બીજી સંસ્થાઓ, યુનિવર્સિટીના સંચાલન અને નિયંત્રણ હેઠળના યુનિવર્સિટીના અંગભૂત એકમોના બનેલા રહેશે.

(૪) કૃષિ અને સંલગ્ન શાસ્ત્રોમાં શિક્ષણ આપતી અથવા કૃષિમાં સંશોધનનું કાર્ય કરતી અને માર્ગદર્શન આપતી અથવા વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમો કરતી અને માર્ગદર્શન આપતી અને યુનિવર્સિટી વિસ્તારની અંદર આવેલી કોઇપણ શૈક્ષણિક સંસ્થા, યુનિવર્સિટીની સંમતિ અને રાજય સરકારની મંજૂરી હોય તે સિવાય, કાયદાથી સ્થપાયેલ કોઇ બીજી યુનિવર્સિટીના વિશેષાધિકારો પૈકી કોઇપણ સાથે જોડાઇ શકશે નહિ અથવા તેમાં પ્રવેશ મેળવી શકશે નહિ.

લિંગ, ધર્મ, વર્ગ, પંથ કે મંતવ્યના ભેદ વિના યુનિવર્સિટી બધાને માટે ખુલ્લી રહેશે.

૫. (૧) કોઇ વ્યકિતને માત્ર ધર્મ, જાતિ, પંથ, જ્ઞાતિ, ભાષા, લિંગ, જન્મસ્થળ, વર્ગ અથવા રાજકીય અથવા અન્ય મંતવ્ય આધારિત વ્યવસાય અથવા તે પૈકીના કોઈ આધાર પર જ યુનિવર્સિટીના કોઇ હોદ્દાથી અથવા યુનિવર્સિટીના કોઇ અધિકારીમંડળના સભ્યપદ અથવા કોઇ પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટ-માનથી અથવા કોઇ અભ્યાસક્રમના શિક્ષણથી વંચિત રાખી શકાશે નહિ.

(૨) કોઇ વ્યકિતને, યુનિવર્સિટી અધ્યાપક કે વિદ્યાર્થી તરીકે દાખલ થવાનો અથવા કોઇ હોદ્દો કે જગા ધરાવવાનો અથવા કોઇ પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન માટે લાયકાત મેળવવાનો અથવા યુનિવર્સિટીનો કોઇ વિશેષાધિકાર ભોગવવાનો કે વાપરવાનો અથવા તેનો લાભ મેળવવાનો હક મળી શકે તે માટે, યુનિવર્સિટી તેના માટે ધાર્મિક માન્યતા, જાતિ, પંથ, જ્ઞાતિ, ભાષા, લિંગ, જન્મસ્થળ, વર્ગ અથવા વ્યવસાય કે રાજકીય અથવા બીજા કોઇ મંતવ્ય અંગેની કોઇ કસોટી રાખે, તો તે કાયદેસર ગણાશે નહિ.

(૩) પેટા-કલમો (૧) અને (૨)માં સમાવિષ્ટ જોગવાઈઓને અધીન રહીને રાજ્ય સરકાર એમ આદેશ કરી શકશે કે યુનિવર્સિટીએ કોઈ કોલેજમાં વિદ્યાર્થીઓ તરીકે પ્રવેશના હેતુ માટે કોઈ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના નાગરિકો અથવા અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓ માટે અથવા ભારતના કોઈ બીજા રાજ્યોના નાગરિકો માટે બેઠકો અનામત રાખવી :

પરંતુ આ કલમમાંના કોઈ મજકૂરથી યુનિવર્સિટીને કોઈ અભ્યાસક્રમમાં ઠરાવેલ સંખ્યા કરતાં વધુ અથવા ઠરાવેલ હોય તે કરતાં ઓછી શૈક્ષણિક અથવા બીજી લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા ફરમાવી શકાશે નહિ.

યુનિવર્સિટીની સત્તા.

૬. યુનિવર્સિટીને નીચેની સત્તા રહેશે:-

(૧) કૃષિમાં અને સંલગ્ન શાસ્ત્રમાં અને યુનિવર્સિટી યોગ્ય ગણે તેવી બીજી અભ્યાસની શાખાઓમાં શિક્ષણ અને પ્રશિક્ષણની જોગવાઇ કરવાની;

(૨) કૃષિ અને સંલગ્ન વિદ્યાશાખાઓમાં સંશોધન માટે જોગવાઇ કરવાની;

(૩) વિસ્તરણ કાર્યક્રમો દ્વારા સંશોધનના તારણો અને ટેકનિકલ માહિતીના પ્રસાર માટે જોગવાઇ કરવાની;

(૪) વિશેષ અભ્યાસક્રમો હાથ ધરવા માટે સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓ સક્ષમ બને તે માટે જોગવાઇ કરવાની;

(૫) પદવી, ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો શરૂ કરવાની;

(૬) વિવિધ પરીક્ષાઓ માટે અભ્યાસક્રમો અને સૂચના ઠરાવવાની;

(૭) પરીક્ષાઓ લેવી અને પદવીઓ, ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો આપવા અને જેણે-

(ક) યુનિવર્સિટીમાં અથવા કોલેજમાં, ઠરાવેલી રીતે તેમાંથી મુકિત આપેલ હોય તે સિવાય માન્ય અભ્યાસક્રમો ચાલુ રાખેલ હોય અને યુનિવર્સિટીએ ઠરાવેલ પરીક્ષાઓ પાસ કરેલ હોય, અથવા

(ખ) ઠરાવેલી શરતો હેઠળ સંશોધન ચાલુ રાખેલ હોય,

તેવી વ્યકિતઓને પ્રમાણપત્રો આપવાની;

(૮) યુનિવર્સિટી દ્વારા મળેલ અથવા તેણે આપેલ કોઇ પદવી, ડિપ્લોમા અથવા પ્રમાણપત્રો ઠરાવવામાં આવે એવી રીતે પાછા ખેંચવાની અથવા રદ કરવાની;

(૯) ઠરાવવામાં આવે એવી રીતે માનદ્ પદવીઓ અને બીજા વિશિષ્ટમાનો આપવાની;

(૧૦) યુનિવર્સિટીમાં નોંધાયેલ વિદ્યાર્થીઓ ન હોય તેવી વ્યકિતઓને વ્યાખ્યાન, પ્રશિક્ષણ અને તાલીમ આપવાની અને ઠરાવવામાં આવે તેવી રીતે તેઓને પ્રમાણપત્ર આપવાની;

(૧૧) યુનિવર્સિટી નકકી કરે તેવા હેતુ માટે અને તેવી રીતે કોઇ બીજી યુનિવર્સિટી અથવા સત્તામંડળ સાથે સહયોગ કરવાની;

(૧૨) ખેતી અને સંલગ્ન શાસ્ત્રોમાં શિક્ષણ આપવા માટે કોલેજો સ્થાપવાની અને નિભાવવાની;

(૧૩) અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ માટે પ્રયોગશાળાઓ, ગ્રંથાલયો, સંશોધન મથકો અને સંસ્થાઓ અને સંગ્રહાલયો સ્થાપવાની અને નિભાવવાની;

(૧૪) યુનિવર્સિટી વખતોવખત જરૂરી ગણે તેવી અધ્યાપકીય, વહીવટી અને બીજી જગાઓ ઉભી કરવાની અને તે ઉપર નિમણૂકો કરવાની;

(૧૫) સ્ટેચ્યુટ અનુસાર અધ્યેતાવૃત્તિઓ, શિષ્યવૃત્તિઓ અને ઇનામો શરૂ કરવાની અને આપવાની;

(૧૬) ખેતી અને સંલગ્ન શાસ્ત્રોમાં શિક્ષણ આપતી શૈક્ષણિક સંસ્થાઓને જોડવાની અથવા જોડાણ અથવા માન્યતા દ્વારા યુનિવર્સિટીના વિશેષાધિકારો આપવાની;

(૧૭) શૈક્ષણિક સંસ્થાઓના જોડાણ અથવા માન્યતા, સમગ્રતઃ અથવા અંશતઃ પાછા ખેંચવાની અથવા તેમાં ફેરફાર કરવાની;

(૧૮) કોલેજો અને માન્ય સંસ્થાઓનું નિરીક્ષણ કરવાની અને તેમાં પ્રશિક્ષણ, અધ્યાપન અને તાલીમના યોગ્ય ધોરણો જળવાય છે અને તેમાં ગ્રંથાલય અને પ્રયોગશાળાની પૂરતી જોગવાઈઓ કરવામાં આવી છે, તે સુનિશ્ચિત કરવાની;

(૧૯) યુનિવર્સિટીના અધ્યાપકીય, બીજા એકેડેમિક અને બિન-અધ્યાપકીય સ્ટાફના સભ્યોના પગાર ધોરણો, ભથ્થાં અને બીજી સેવાની શરતો ઠરાવવાની અને તેનું નિયમન કરવાની;

(૨૦) સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓના અધ્યાપકીય, બીજા એકેડેમિક અને બિન-અધ્યાપકીય સ્ટાફના સભ્યોના પગાર ધોરણો, ભથ્થાં અને બીજી સેવાની શરતો ઠરાવવાની અને તેનું નિયમન કરવાની;

(૨૧) (ક) સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓની પ્રવૃત્તિઓનું નિયંત્રણ અને સંકલન કરવાની અને તેમને નાણાકીય સહાય આપવાની;અને

(ખ) સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓમાં વિદ્યાર્થીઓએ ભરવાની ફીનું નિયમન કરવાની;

(૨૨) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે રહેણાંક જગાઓ સ્થાપવાની અને નિભાવવાની;

(૨૩) ઠરાવવામાં આવે તેવી ફી અને બીજા ચાર્જ નકકી કરવાની, માંગવાની અને મેળવવાની અને વસૂલ કરવાની;

(૨૪) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના રહેઠાણ, વર્તણૂક અને શિસ્તની દેખરેખ રાખવાની, નિયમન કરવાની અને નિયંત્રણ કરવાની અને તેમના આરોગ્ય અને સામાન્ય સુખાકારીને ઉત્તેજન આપવાની ગોઠવણ કરવાની;

(૨૫) યુનિવર્સિટી વિભાગો અને સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓમાં અનુસ્નાતક અધ્યાપન અને સંશોધન કાર્યનું સંચાલન કરવાની, સંકલન કરવાની, દેખરેખ રાખવાની, નિયમન કરવાની અને નિયંત્રણ રાખવાની;

(૨૬) સંલગ્ન કોલેજોમાં પૂર્વ-સ્નાતક અધ્યાપન અને પ્રશિક્ષણનું સંકલન કરવાની, દેખરેખ રાખવાની, નિયમન કરવાની અને નિયંત્રણ રાખવાની અને તે જ બાબત યુનિવર્સિટી કોલેજોમાં હાથ ધરવાની;

(૨૭) યુનિવર્સિટી વિસ્તારમાંના સૂકા વિસ્તારો અને અછતનો સંભવ હોય તેવા વિસ્તારોના સંબંધમાં કૃષિ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ માટે વિશેષ જોગવાઇ કરવાની;

(૨૮) યુનિવર્સિટીના ઉદ્દેશો આગળ ધપાવવા માટે જરૂરી હોય તેવા ઉપર્યુક્ત સત્તાઓને આનુષંગિક હોય કે ન હોય તેવા બીજા તમામ કાર્યો અને બાબતો કરવાની;

૭. (૧) પોતે આદેશ કરે તે વ્યકિત અથવા વ્યકિતઓ દ્વારા યુનિવર્સિટીની, તેના મકાનો, પ્રયોગશાળાઓ, ગ્રંથાલયો, સંગ્રહાલયો, કાર્યશિબિરો અને સાધનસામગ્રીની, યુનિવર્સિટી નિભાવતી હોય, તેણે માન્ય અથવા મંજૂર કરેલી હોય અથવા તેની સાથે જોડાયેલી હોય તેવી કોઇ સંસ્થા, કોલેજ કે છાત્રાલયની, યુનિવર્સિટીના અથવા તેના તરફથી ચાલતા શિક્ષણ અને અન્ય કાર્યની અને યુનિવર્સિટી તરફથી લેવાતી પરીક્ષાઓના સંચાલન અંગેની તપાસણી કરાવવાનો અને યુનિવર્સિટી સાથે સંબંધ ધરાવતી કોઇ બાબતના સંબંધમાં તપાસ કરાવવાનો કુલાધિપતિને હક રહેશે. તપાસણી અને તપાસ.

(૨) કુલાધિપતિએ, દરેક પ્રસંગે યુનિવર્સિટીને તપાસણી કે તપાસ કરવાના પોતાના ઇરાદાની જાણ કરવી જોઇશે અને યુનિવર્સિટીને તે તપાસ વખતે પોતાનો પ્રતિનિધિ મોકલવાનો હક રહેશે.

(૩) કુલાધિપતિ, યુનિવર્સિટીને આવી તપાસણી કે તપાસના પરિણામ અંગે પોતાના વિચારો જણાવશે અને તે વિષે યુનિવર્સિટીના અભિપ્રાય જાણી લીધા પછી યુનિવર્સિટીને તેણે લેવાનાં પગલાં વિષે સલાહ આપશે.

(૪)(ક) યુનિવર્સિટીએ, કુલાધિપતિએ આપેલી સલાહ ઉપર પોતે કોઇ પગલાં લીધા હોય, તો પોતે કયા પગલાં લીધા છે અથવા લેવા ધાર્યું છે તે વિષે કુલાધિપતિને રિપોર્ટ કરવો જોઇશે.

(ખ) આવો રિપોર્ટ, કુલાધિપતિ આદેશ કરે તેટલી મુદતની અંદર અને તે ઉપર યુનિવર્સિટીના અભિપ્રાય સાથે સાદર કરવો જોઇશે.

(૫) યુનિવર્સિટી, કુલાધિપતિને સંતોષ થાય તેવી રીતે વાજબી સમયમાં પગલાં ન લે, તો કુલાધિપતિ, યુનિવર્સિટીએ આપેલો કોઇ ખુલાસો અથવા કરેલી રજૂઆત વિચારણામાં લીધા પછી, પોતાને યોગ્ય લાગે તેવા આદેશો આપી શકશે અને યુનિવર્સિટીએ એવા આદેશોનું પાલન કરવું જોઇશે.

## પ્રકરણ ૩
## યુનિવર્સિટીના અધિકારીઓ

યુનિવર્સિટીના અધિકારીઓ. ૮. યુનિવર્સિટીમાં નીચેના અધિકારીઓ રહેશેઃ–

૧. કુલાધિપતિ,

૨. કુલપતિ,

૩. સંશોધન નિયામક અને અનુસ્નાતક અભ્યાસક્રમના ડીન,

૪. વિદ્યાશાખાઓના ડીન,

૫. વિસ્તરણ શિક્ષણ નિયામક,

૬. રજિસ્ટ્રાર,

૭. હિસાબી અધિકારી,

૮. ગ્રંથપાલ; અને

૯. સ્ટેચ્યુટથી યુનિવર્સિટીના અધિકારીઓ તરીકે જાહેર કરવામાં આવે તેવા યુનિવર્સિટીની સેવામાં હોય તેવા બીજા અધિકારીઓ.

કુલાધિપતિ. ૯. (૧) રાજયના રાજયપાલ, યુનિવર્સિટીના કુલાધિપતિ રહેશે.

(૨) કુલાધિપતિ પોતાના હોદ્દાની રૂએ, યુનિવર્સિટીના વડા બનશે અને હાજર હોય, ત્યારે યુનિવર્સિટીના કોઈ પદવીદાન સમારંભનું પ્રમુખસ્થાન લેશે.

(૩) માનદ્ પદવી એનાયત કરવા માટેની દરેક દરખાસ્ત કુલાધિપતિની બહાલીને અધીન રહેશે.

(૪) કુલાધિપતિ આ અધિનિયમથી અથવા સ્ટેચ્યુટથી તેમને સોંપવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

કુલપતિ. ૧૦. (૧) (ક) કુલપતિ, યુનિવર્સિટીના પૂર્ણ સમયના અધિકારી રહેશે અને રાજય સરકાર સાથે વિચારવિનિમય કરીને, કુલાધિપતિ, પેટા–કલમ(૨) હેઠળના હેતુઓ માટે નીમેલી સમિતિએ પેટા–કલમ(૩) હેઠળ ભલામણ કરેલી ત્રણ વ્યકિતઓમાંથી નીમશે.

(ખ) કૃષિ અને સંલગ્ન શાસ્ત્રોમાં પૂરતું જ્ઞાન ધરાવતી અને નિમણૂકની તારીખે પાંસઠ વર્ષથી વધુ ઉંમરની ન હોય તેવી વ્યકિત, પેટા–કલમ(૭)ની જોગવાઈઓને અધીન રહીને કુલપતિ તરીકે નીમાવાને પાત્ર ગણાશે.

(૨)(ક). પેટા–કલમ(૧)ના હેતુઓ માટે, કુલાધિપતિ, નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમશે :-

(૧) (યુનિવર્સિટી અથવા કોઈપણ કોલેજ સાથે સંબંધ ધરાવતી વ્યકિત ન હોય તેવા) બે સભ્યો, જેમાં એક વ્યવસ્થાપક બોર્ડ અને એકેડેમિક કાઉન્સિલે સંયુકત રીતે સ્ટેચ્યુટથી ઠરાવેલી રીતે નામનિયુકત કરેલી વ્યકિત રહેશે અને બીજી વ્યકિત, ગુજરાત રાજયમાં સ્થપાયેલ તમામ કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિઓએ, સ્ટેચ્યુટથી ઠરાવેલી રીતે નામનિયુકત કરેલી વ્યકિત રહેશે;

(૨) કુલાધિપતિએ નામનિયુક્ત કરવાના એક સભ્ય.

(૩) ભારતીય કૃષિ સંશોધન પરિષદે નામનિયુક્ત કરવાના એક સભ્ય.

(ખ) કુલાધિપતિ, સમિતિના ચાર સભ્યો પૈકી એકને તેના અધ્યક્ષ તરીકે નીમશે.

(૩) એવી રીતે નીમેલી સમિતિ, સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેટલા સમયની અંદર અને તેવી રીતે, પેટા–કલમ(૧) ના ખંડ(ખ) માં જણાવેલી લાયકાતો ધરાવતી હોય અને પેટા–કલમ(૭) હેઠળ ગેરલાયક ઠરી ન હોય અને જેને કુલપતિ તરીકે નીમાવા માટે યોગ્ય લાગતી હોય તેવી ત્રણ વ્યકિતઓને પસંદ કરશે અને સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવી બીજી વિગતો સાથે એવી રીતે પસંદ કરેલ વ્યકિતઓના નામની કુલાધિપતિને ભલામણ કરશે.

(૪) કુલપતિ, પોતાનો હોદ્દો ધારણ કર્યાની તારીખથી પાંચ વર્ષની મુદત સુધી પોતાનો હોદ્દો ધરાવશે અને તેના હોદ્દાની મુદત પૂરી થયા પછી તે હોદ્દા ઉપર ફરી નીમાવા માટે પાત્ર થશે નહિ :

પરંતુ–

(ક) કુલપતિ તરીકે નીમાયેલી કોઈપણ વ્યકિત પાંસઠ વર્ષની ઉંમર થયા પછી, તે તરીકે પોતાનો હોદ્દો ધરાવવાનુ ચાલુ રાખી શકશે નહિ.

(ખ) કુલપતિ, પોતાની સહીથી કુલાધિપતિને ઉદ્દેશીને લેખિતમાં પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે.

(૫) કુલપતિનુ મહેનતાણું અને સેવાની બીજી બોલીઓ અને શરતો, ઠરાવવામાં આવે તેવા રહેશે અને તેની સંમતિ સિવાય તેના હોદ્દાની મુદત દરમ્યાન તેને ગેરલાભ થાય તે રીતે તેમાં ફેરફાર કરી શકાશે નહિ.

(૬) (ક) કુલપતિની રજા અથવા ગેરહાજરી દરમ્યાન, અથવા

(ખ) તે હોદ્દા ઉપર પેટા–કલમ(૧) હેઠળ નિમણૂક કરવામાં ન આવે, ત્યાં સુધી કુલપતિનો હોદ્દો ખાલી પડવાના પ્રસંગે,

સંશોધન નિયામક અને અનુસ્નાતક અભ્યાસક્રમના ડીન અથવા તેમની ગેરહાજરીમાં તે હેતુ માટે કુલાધિપતિએ નામનિયુક્ત કરેલ વિદ્યાશાખાઓના ડીન પૈકી એક, કુલપતિના હોદ્દાની ચાલુ ફરજો બજાવશે.

(૭) કોઈ વ્યકિત, કુલપતિ બનવા માટે અથવા તે તરીકે નીમાવા માટે ગેરલાયક ગણાશે જો તે-

(૧) સંસદ અથવા કોઈપણ રાજ્ય વિધાનમંડળ અથવા કોઈપણ સ્થાનિક સત્તામંડળની સભ્ય હોય, અથવા

(૨) રાજકીય પક્ષની સભ્ય હોય, અથવા

(૩) તે નાદાર ઠરી હોય અથવા કોઈપણ સમયે નાદાર ઠરે અથવા તેના દેવાની તેણે ચુકવણી કરી ન હોય અથવા તેના લેણદારે તે માંડી વાળ્યુ હોય, અથવા

(૪) તે અસ્થિર મગજની હોય અથવા સક્ષમ કોર્ટે તેને તે તરીકે જાહેર કરી હોય, અથવા

(૫) કુલપતિના અભિપ્રાય મુજબ, નૈતિક અધઃપતનના ગુના સહિતના કોઈ ગુના માટે દોષિત ઠરી હોય અથવા તેને દોષિત ઠરાવવામાં આવી હોય.

(૮) પેટા–કલમ(૪) માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કુલાધિપતિ, કુલપતિને, કોઈપણ સમયે તેનાં હોદ્દા ઉપરથી દૂર કરી શકશે, જો તેમનાં અભિપ્રાય મુજબ, કુલપતિ–

(ક) પેટા–કલમ(૭)માં જણાવેલી ગેરલાયકાતો પૈકી કોઈપણને અધીન હોય અથવા અધીન બનાવવામાં આવ્યો હોય, અથવા

(ખ) પોતાની ફરજો અદા કરવામાં ગેરવર્તણૂંક માટે દોષિત ઠર્યો હોય, અથવા

(ગ) કુલપતિ તરીકે પોતાની ફરજો અદા કરવામાં શારીરિક અથવા માનસિક રીતે અસમર્થ બન્યો હોય, અથવા

(ઘ) પોતાના હોદ્દા ઉપર ચાલુ રહેવાથી જાહેર હિતને પ્રતિકૂળ અસર થાય તે રીતે તેના હોદ્દાનો દુરુપયોગ કર્યો હોય, અથવા

(ચ) વાજબી કારણ સિવાય, ઓછામાં ઓછા ત્રણ મહિનાની મુદત સુધી પોતાની ફરજો બજાવવાની ના પાડે અથવા ન બજાવે :

પરંતુ, કુલપતિને, સુનાવણીની વાજબી તક આપ્યા સિવાય, તેના હોદ્દા પરથી દૂર કરી શકાશે નહિ.

કુલપતિની સત્તા.

૧૧. (૧) કુલપતિ યુનિવર્સિટીના મુખ્ય કારોબારી અધિકારી અને શૈક્ષણિક અધિકારી રહેશે અને કુલાધિપતિની ગેરહાજરીમાં, યુનિવર્સિટીના પદવીદાન સમારંભનું પ્રમુખ સ્થાન લેશે. તેઓ બોર્ડ અને એકેડેમિક કાઉન્સિલના હોદ્દાની રૂએ સભ્ય અને અધ્યક્ષ રહેશે.

(૨) કુલપતિ યુનિવર્સિટીના કામકાજ પર સામાન્ય નિયંત્રણ રાખશે અને યુનિવર્સિટીમાં શિસ્તની જાળવણી માટે જવાબદાર રહેશે.

(૩) (ક)કુલપતિને બોર્ડની અને એકેડેમિક કાઉન્સિલની બેઠકો બોલાવવાની સત્તા રહેશે.

(ખ) તે ખંડ(ક) હેઠળની સત્તા, યુનિવર્સિટીના બીજા કોઈપણ અધિકારીને સોંપી શકશે.

(૪) આ અધિનિયમ, સ્ટેચ્યુટસ્ અને વિનિયમોની જોગવાઈઓનું યથાર્થ પાલન થાય તે સુનિશ્ચિત કરવાની કુલપતિની ફરજ રહેશે અને આ હેતુ માટે જરૂરી હોય તેવી તમામ સત્તા તેમને રહેશે.

(૫) કુલપતિ, બોર્ડ સમક્ષ યુનિવર્સિટીના વાર્ષિક નાણાંકીય અંદાજો અને વાર્ષિક હિસાબો તેમજ સરવૈયુ રજૂ કરવા માટે જવાબદાર રહેશે.

(૬) (ક) કોઈ તાકીદની પરિસ્થિતિમાં કુલપતિનો એવો અભિપ્રાય હોય કે તાત્કાલિક પગલું લેવાની જરૂર હોય તે વખતે તેમને જરૂરી લાગે તેવુ પગલું લેવું જોઇશે અને ત્યાર પછી સામાન્ય ક્રમમાં તે બાબતની જેણે તજવીજ કરી હોત તેવા અધિકારી, અધિકારી મંડળ અથવા મંડળને પોતે જે કોઈ પગલું લીધુ હોય તેની વહેલામાં વહેલી તકે જાણ કરવી જોઈશે.

(ખ) આ પેટા–કલમ હેઠળ કુલપતિએ લીધેલા પગલાંથી યુનિવર્સિટીની સેવામાં હોય તેવી કોઈ વ્યક્તિને અસર થાય, ત્યારે તેવી વ્યક્તિને એવા પગલાં વિષે જાણ થાય તે તારીખથી એક મહિનાની અંદર સદરહુ અધિકારી, અધિકારી મંડળ અથવા મંડળ મારફત બોર્ડને અપીલ કરવાનો હક રહેશે.

(૭) કુલપતિએ યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓને નીમવા, બરતરફ કરવા, ફરજમોકૂફ રાખવા અને શિક્ષા કરવા અંગેના બોર્ડના હુકમોનો અમલ કરવો જોઇશે.

(૮) કુલપતિ યુનિવર્સિટીના યોગ્ય વહીવટ માટે અને અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણના ગાઢ સંકલન અને સમન્વય માટે જવાબદાર રહેશે.

(૯) (ક) પેટા-કલમ(૬) માં જણાવેલી જોગવાઈઓને અધીન રહીને અને પેટા–કલમ(૭)માં ગમે તે મજકૂર હોય તે છતાં, કુલપતિ, પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી તેમનો એવો અભિપ્રાય થાય કે કલમ ૧૭ હેઠળ નિર્દિષ્ટ કરેલ અથવા જાહેર કરેલ અધિકારી મંડળના કોઈપણ હુકમ અથવા ઠરાવનો અમલ અથવા યુનિવસિર્ટીએ અથવા તેના વતી કરવામાં આવી રહયું હોય અથવા કરવાનું હોય તે કંઈ કૃત્ય -

(૧) આ અધિનિયમ અથવા કોઈપણ સ્ટેચ્યુટ અથવા વિનિયમોની જોગવાઈઓ સાથે અસંગત છે, અથવા

(૨) યુનિવર્સિટીના હિતમાં નથી, અથવા

(૩) શાંતિ ભંગ કરવા તરફ દોરી જાય તેમ છે,

તો, તેણે હુકમ અથવા યથાપ્રસંગ, ઠરાવની એક નકલ, સદરહુ હુકમ અથવા ઠરાવ તેણે જણાવેલી રીતે રદ કરી શકાશે નહિ અથવા સુધારી શકાશે નહિ અથવા ફેરફાર કરી શકાશે નહિ અથવા કાર્ય કરવાનુ અટકાવી શકાશે કે કેમ તે સંબંધી જે અધિકારી મંડળે હુકમ કર્યો હોય અથવા ઠરાવ પસાર કર્યો હોય અથવા જે અધિકારી મંડળ ,પોતાની પુનઃવિચારણા અર્થે તે કાર્ય કરવાની દરખાસ્ત કરે તે અધિકારી મંડળને, મોકલી શકશે અથવા યથાપ્રસંગ, કારણોના નિવેદન સહિત તે કાર્ય કરવાનું લખી મોકલી શકાશે.

(ખ) અધિકારી મંડળ, પુનઃવિચારણા પછી, કુલપતિએ જણાવેલી રીતે હુકમ અથવા ઠરાવ સુધારે અથવા તેમાં ફેરફાર કરે, ત્યારે ખંડ(ચ)માં ગમે તે મજકૂર હોય તે છતાં, આવી રીતે સુધારેલ અથવા ફેરફાર કરેલ હુકમ અથવા ઠરાવ, એવી રીતે સુધાર્યાની અથવા ફેરફાર કર્યાની તારીખથી ફરી અમલમાં આવશે।

(ગ) અધિકારી મંડળ, કુલપતિએ જણાવેલી રીત સાથે અસંગત હોય તે રીતે હુકમ અથવા ઠરાવ સુધારે અથવા તેમાં ફેરફાર કરે, ત્યારે કુલપતિ તે બાબત, કુલાધિપતિને તેના નિર્ણય માટે લખી મોકલશે.

(ઘ) કુલાધિપતિ, આવુ લખાણ કરવામાં આવ્યે, હુકમ અથવા ઠરાવ સુધારી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે અથવા તે હુકમ અથવા ઠરાવ ફેરફાર સાથે અથવા ફેરફાર વિના કાયમ માટે અથવા પોતે નિર્દિષ્ટ કરે તેટલી મુદત સુધી અમલમાં ચાલુ રાખી શકશેઃ

પરંતુ સંબંધિત અધિકારી મંડળને તેણે કરવા ધારેલ હુકમ સાથે કારણ દર્શાવવાની વાજબી તક આપ્યા વિના, કુલાધિપતિ તે હુકમ અથવા ઠરાવ સુધારી શકશે નહિ અથવા તેમાં ફેરફાર કરી શકશે નહિ અથવા તે ચાલુ રાખી શકશે નહિ.

(ચ) હુકમ, ઠરાવ અથવા યથાપ્રસંગ, કાર્ય કરવાનુ, હુકમ અથવા ઠરાવની નકલ મોકલ્યાના અથવા ખંડ(ક) હેઠળ લખાણ કર્યાના કુલપતિના પત્રમાંની તારીખથી ખંડ(ઘ) હેઠળ કુલાધિપતિના હુકમની તારીખ સુધી સ્થગિત રહેશે.

(૧૦) કુલપતિ ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે.

૧૨.(૧) સંશોધન નિયામક અને અનુસ્નાતક અભ્યાસ માટેના ડીન; યુનિવર્સિટીના પૂર્ણકાલિક પગારદાર અધિકારી રહેશે અને આ અર્થે કરવામાં આવે તેવા સ્ટેચ્યુટ અનુસાર બોર્ડની પૂર્વમંજૂરીને અધીન રહીને કુલપતિ તેની નિમણૂક કરશે.

સંશોધન નિયામક અને અનુસ્નાતક અભ્યાસ માટેના ડીન.

(૨) નિયામકની લાયકાત, મળતરો તથા નોકરીની બીજી બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવા રહેશે.

(૩) નિયામક ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવી ફરજો બજાવશે.

વિદ્યાશાખાના ડીન.

**૧૩.** (૧) દરેક વિદ્યાશાખા માટે એક ડીન રહેશે જેઓને ઠરાવવામાં આવે તેવી રીતે પસંદ કરવામાં આવશે.

(૨) ડીન, ત્રણ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે અને વધુ ત્રણ વર્ષની મુદત માટે તે હોદ્દા ઉપર પસંદ થવા પાત્ર ગણાશે.

(૩) ડીન વિદ્યાશાખાના અભ્યાસ બોર્ડના અધ્યક્ષ ગણાશે.

(૪) દરેક વિદ્યાશાખાના ડીન, તે વિદ્યાશાખાને લગતા સ્ટેચ્યુટો અને વિનિયમોના યોગ્ય પાલન માટે જવાબદાર રહેશે.

(૫) ડીન, ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવા કાર્યો અને ફરજો બજાવશે.

વિસ્તરણ શિક્ષણ નિયામક.

**૧૪.** (૧) વિસ્તરણ શિક્ષણ નિયામક, યુનિવર્સિટીના પૂર્ણકાલિક પગારદાર અધિકારી રહેશે અને આ અર્થે કરેલા સ્ટેચ્યુટ અનુસાર બોર્ડની પૂર્વમંજૂરીથી કુલપતિ તેમની નિમણૂક કરશે.

(૨) નિયામકની લાયકાતો, મળતરો અને નોકરીની બીજી બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવા રહેશે.

(૩) નિયામક ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવા કાર્યો અને ફરજો બજાવશે.

રજિસ્ટ્રાર.

**૧૫.** (૧) રજિસ્ટ્રાર, યુનિવર્સિટીના પૂર્ણકાલિક પગારદાર અધિકારી રહેશે અને બોર્ડના અને એકેડેમિક કાઉન્સિલના સેક્રેટરી તરીકે કામ કરશે.

(૨) તેને બોર્ડની પૂર્વમંજૂરીથી કુલપતિ નીમશે અને તેની લાયકાતો, મળતરો અને નોકરીની બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવા રહેશે.

(૩) તે સ્ટેચ્યુટ અને વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવી ફરજો બજાવશે.

બીજા અધિકારીઓ.

**૧૬.** (૧) કલમ ૮ ની બાબતો (૭) અને (૮) માં જણાવેલા અધિકારીઓ અને તેની બાબત (૯) હેઠળ સ્ટેચ્યુટથી તે તરીકે જાહેર કરેલ અધિકારીઓને, બોર્ડની પૂર્વમંજૂરીથી કુલપતિ નીમશે.

(૨) અધિકારીઓની લાયકાતો, મળતરો અને નોકરીની બોલીઓ અને શરતો સ્ટેચ્યુટથી નક્કી કરવામાં આવે તેવા રહેશે.

(૩) અધિકારીઓની સત્તા અને ફરજો ઠરાવવામાં આવે તેવી રહેશે.

## પ્રકરણ ૪

## યુનિવર્સિટીના અધિકારી મંડળો

૧૭. યુનિવર્સિટીના અધિકારી મંડળો નીચે પ્રમાણે રહેશેઃ- યુનિવર્સિટીના અધિકારી મંડળો.

(૧) સંચાલક મંડળ,

(૨) એકેડેમિક કાઉન્સિલ,

(૩) વિદ્યાશાખાઓ,

(૪) અનુસ્નાતક અભ્યાસ બોર્ડ સહિત દરેક વિદ્યાશાખાના અભ્યાસ બોર્ડ, અને

(૫) યુનિવર્સિટીના અધિકારી મંડળો તરીકે સ્ટેચ્યુટથી જાહેર કરવામાં આવે તેવા યુનિવર્સિટીના બીજા મંડળો.

૧૮. (૧) સંચાલક મંડળ નીચેના સભ્યોનું બનશે :- સંચાલક મંડળની રચના.

### વર્ગ-૧ – હોદ્દાની રૂએ સભ્યો.

(૧) કુલપતિ,

(૨) ગુજરાત સરકારના સચિવ, કૃષિ અને સહકાર વિભાગ અથવા સચિવ મુકરર કરે તેવા તે વિભાગના નાયબ સચિવના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારી,

(૩) ગુજરાત સરકારના સચિવ, શિક્ષણ વિભાગ અથવા સચિવ મુકરર કરે તેવા તે વિભાગના નાયબ સચિવથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારી,

(૪) ગુજરાત સરકારના સચિવ, નાણા વિભાગ,

(૫) કૃષિ નિયામક, ગુજરાત રાજ્ય,

(૬) પશુપાલન નિયામક, ગુજરાત રાજ્ય,

(૭) બાગાયત નિયામક, ગુજરાત રાજ્ય; અને

(૮) વિદ્યાશાખાના ડીનમાંથી ઠરાવવામાં આવે તેવી રીતે વારાફરતી કુલપતિએ નામનિયુકત કરેલ એક સભ્ય.

### વર્ગ-૨– સામાન્ય સભ્યો

નીચે પ્રમાણે નામનિયુકત કરવાની અધિકારી ન હોય તેવી પાંચ વ્યકિતઓ :-

(ક) રાજ્ય સરકારે નામનિયુકત કરવાની –

(૧) ગુજરાત વિધાનસભાના એક સભ્ય,

(૨) કૃષિ, સંશોધન અથવા શિક્ષણની પૂર્વભૂમિકા ધરાવતા બે કૃષિ વૈજ્ઞાનિકો,

(૩) એક ખેડૂત,

(ખ) ભારત કૃષિ સંશોધન કાઉન્સિલના મહાનિયામકે નામનિયુકત કરેલ એક પ્રતિનિધિ.

(૨) કુલપતિ, હોદ્દાની રૂએ બોર્ડના અધ્યક્ષ રહેશે.

(૩) નામનિયુક્ત કરેલ સભ્યોના હોદ્દાની મુદત, ત્રણ વર્ષની રહેશે.

(૪) બોર્ડના નામનિયુક્ત સભ્યો ઠરાવવામાં આવે તેવા દૈનિક અને મુસાફરી ભથ્થાં મેળવવા હકદાર થશે.

બોર્ડની બેઠક. ૧૯.(૧) બોર્ડ, કુલપતિએ નક્કી કરેલ તારીખે અને સ્થળે તેની બેઠકો યોજશેઃ

પરંતુ, કુલપતિએ દર બે મહિને ઓછામાં ઓછા એક વાર બોર્ડની બેઠક માટે તારીખ અને સ્થળ નક્કી કરવા જોઈશે.

(૨) બોર્ડના એક–તૃતીયાંશ સભ્યો, બેઠકમાં ,પોતાનું કામકાજ કરવા માટે કોરમ રચશે.

(૩) (ક) બોર્ડ વિચારવિનિમય કરવાના હેતુ માટે પોતાની બેઠકમાં હાજર રહી વિચારણા હેઠળના વિષયના અનુભવ અથવા ખાસ જ્ઞાન ધરાવતી કોઈપણ વ્યકિતને આમંત્રણ આપી શકશે.

(ખ) ખંડ (ક) હેઠળ આમંત્રણ આપેલ વ્યકિતને બેઠકની કાર્યવાહીમાં બોલવાનો અને અન્યથા ભાગ લેવાનો હક રહેશે, પણ આવી બેઠકમાં મત આપવાનો હક રહેશે નહિ.

(ગ) ખંડ(ક) હેઠળ આમંત્રણ આપેલ વ્યકિત, બેઠકમાં હાજરી આપવા માટે ઠરાવવામાં આવે તેટલુ ભથ્થું મેળવવા હકદાર રહેશે.

બોર્ડની સત્તા અને કાર્યો. ૨૦.(૧) બોર્ડ નીચેની સત્તા વાપરશે અને નીચેના કાર્યો બજાવશે :–

(૧) યુનિવર્સિટીની પ્રગતિ અને વિકાસને લગતી સામાન્ય નીતિવિષયક બાબતની વિચારણા કરવાની અને નક્કી કરવાની;

(૨) બોર્ડે નક્કી કરેલ નીતિ અનુસાર યુનિવર્સિટીના અધિકારીમંડળે લેવાના પગલાં સુચવવા,

(૩) યુનિવર્સિટીની મિલકત અને ફંડ ધરાવવા, નિયંત્રણ કરવું અને વહીવટ કરવો.

(૪) આ અધિનિયમથી અથવા સ્ટેચ્યુટથી અથવા તે હેઠળ યુનિવર્સિટીને સોંપેલી સત્તા વાપરીને અને ફરજો બજાવીને યુનિવર્સિટી તરફથી કરારો કરવા, તેમાં ફેરફાર કરવા, તે પુરા કરવા અને રદ કરવા,

(૫) યુનિવર્સિટીના સામાન્ય સીલનો નમૂનો નક્કી કરવો અને તેની કસ્ટડી માટે જોગવાઇ કરવી અને તેના ઉપયોગનું નિયમન કરવું;

(૬) ખાસ હેતુઓ માટે યુનિવર્સિટીને હસ્તક સોંપેલ ફંડનો વહીવટ કરવો;

(૭) યુનિવર્સિટીના ફંડના રોકાણ અને ઉપાડ માટે વ્યવસ્થા કરવી;

(૮) મૂડી સુધારણા માટે નાણા ઉછીના લેવા અને તેને ભરપાઇ કરવા માટે યોગ્ય ગોઠવણ કરવી;

(૯) યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો અને વાર્ષિક નાણાકીય અંદાજો મંજૂર કરવા;

(૧૦) યુનિવર્સિટીનાં કાર્ય કરવા માટે જરૂરી મકાનો, જગા, ફર્નિચર, સામગ્રી અને બીજા સાધનો માટે જોગવાઇ કરવી;

(૧૧) યુનિવર્સિટીને કરેલ વસિયતી દાન, દાન અને કોઇ જંગમ અને સ્થાવર મિલકતની તબદીલી યુનિવર્સિટી વતી સ્વીકારવા;

(૧૨) યુનિવર્સિટી વતી કોઇ જંગમ અથવા સ્થાવર મિલકતની તબદીલી કરવી;

(૧૩) યુનિવર્સિટીનાં નાણાં, હિસાબો અને રોકાણોની વ્યવસ્થા કરવી તથા તેમનું નિયમન કરવું;

(૧૪) આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે જરૂરી હોય તેવી કોલેજો, વિભાગો, સંશોધન સંસ્થાઓ, પ્રાયોગિક ફાર્મ, પ્રયોગશાળાઓ, ગ્રંથાલયો, છાત્રાલયો અને તેવી બીજી સુવિધાઓ સ્થાપવી, ચલાવવી અને નિભાવવી;

(૧૫) કોલેજો સાથે જોડાણ કરવું અથવા સ્ટેચ્યુટથી જોગવાઇ કર્યા પ્રમાણે કૃષિ અથવા વિસ્તરણ શિક્ષણમાં સંશોધનની સંસ્થાઓને માન્યતા આપવી;

(૧૬) સંલગ્ન કોલેજો, માન્ય સંસ્થાઓ અને છાત્રાલયોની તપાસ કરવા માટે વ્યવસ્થા કરવી તથા તેમની તપાસ કરવા આદેશ કરવો, તેમની કાર્યક્ષમતા જળવાઇ રહે અને તેમના અધ્યાપકીય, બીજા એકેડેમિક અને બિન-અધ્યાપકીય સ્ટાફના સભ્યો માટે પગારધોરણો અને ભથ્થાં સહિત નોકરીની યોગ્ય શરતો સુનિશ્ચિત કરવા માટે સૂચના આપવી;

(૧૭)(ક) જોડાણથી કોલેજને અથવા માન્યતાથી સંસ્થાને મળેલ હકો સમગ્રતઃ અથવા અંશતઃ પાછા ખેંચી લેવા અથવા તેમાં ફેરફાર કરવો; અને

(ખ) જોડાણની શરતો પાળવામાં કસૂર કરનાર કોલેજને આપેલી ગ્રાન્ટ પાછી ખેંચી લેવા અથવા તેમાં ઘટાડો કરવા માટે રાજય સરકારને ભલામણ કરવી;

(૧૮)(ક) સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓની પ્રવૃત્તિઓનું નિયંત્રણ કરવું અને સંકલન કરવું અને તેમને નાણાકીય સહાય આપવી; અને

(ખ) સંલગ્ન કોલેજોમાં અને માન્ય સંસ્થાઓમાં વિદ્યાર્થીઓએ ભરવાની ફીનું નિયમન કરવું;

(૧૯) કોલેજો, માન્ય સંસ્થાઓ, અથવા છાત્રાલયો પાસેથી રિપોર્ટો, પત્રકો તથા અન્ય માહિતી મંગાવવી;

(૨૦) યુનિવર્સિટીના પ્રોફેસર, રીડર, લેકચરર કે અધ્યાપક તરીકે સંલગ્ન કોલેજ અથવા માન્ય સંસ્થાના સ્ટાફના કોઇ સભ્યને, માન્ય રાખવા અને તેવી માન્યતા પાછી ખેંચી લેવી;

(૨૧) સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓને, કોઇ વિશિષ્ટ પ્રકારના અભ્યાસ હાથ ધરવા સક્ષમ બનાવવા માટે જોગવાઇ કરવી;

(૨૨) યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકીય, બીજા એકેડેમિક અને બિન-અધ્યાપકીય સ્ટાફના સભ્યોના પગાર-ધોરણો, ભથ્થાં અને નોકરીની શરતો ઠરાવવી અને તેનું નિયમન કરવું;

(૨૩) સંલગ્ન કોલેજો, અંગભૂત કોલેજો અને માન્ય સંસ્થાઓના અધ્યાપકીય, બીજા એકેડેમિક અને બિન-અધ્યાપકીય સ્ટાફના સભ્યોના પગાર-ધોરણો, ભથ્થાં અને નોકરીની શરતો ઠરાવવી અને તેનું નિયમન કરવું;

(૨૪) સંલગ્ન કોલેજો, અંગભૂત કોલેજો, યુનિવર્સિટી વિભાગો અને માન્ય સંસ્થાઓના વિદ્યાર્થીઓનાં નિવાસ, વર્તણૂક અને શિસ્તની દેખરેખ રાખવી અને તેનું નિયંત્રણ કરવું અને તેમનું આરોગ્ય અને સામાન્ય સુખાકારી વધારવા માટે ગોઠવણ કરવી અને વિદ્યાર્થીઓ સામે શિસ્તભંગનાં પગલાં લેવા;

(૨૫) અધ્યેતાવૃત્તિ (ફેલોશીપ) અને શિષ્યવૃત્તિઓ, છાત્રવૃત્તિઓ, ચંદ્રકો, પારિતોષિકો અને બીજા એવોર્ડો શરૂ કરવા અને આપવાં;

(૨૬) પદવીઓ, ડિપ્લોમા અને અન્ય શૈક્ષણિક વિશિષ્ટમાન શરૂ કરવાં અને એનાયત કરવાં;

(૨૭) ઠરાવેલી રીતે યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકો અને બીજો સ્ટાફ નીમવો;

(૨૮) અનુસ્નાતક અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણને ઉત્તેજન આપવું;

(૨૯) એકેડેમિક કાઉન્સિલ નક્કી કરે તેવી વિદ્યાશાખાઓમાં અને તેવા અભ્યાસક્રમોમાં શિક્ષણ, અધ્યાપન અને તાલીમ માટે અને સંશોધન માટે અને જ્ઞાનની વૃધ્ધિ તથા પ્રસાર માટે જોગવાઇ કરવી;

(૩૦) ઠરાવવામાં આવે તેટલી ફી અને બીજું ખર્ચ નકકી કરવાં, માંગવા અને મેળવવા;

(૩૧) પ્રશિક્ષણ અને પરીક્ષાના માધ્યમ તરીકે ગુજરાતીના ઉપયોગને લગતી જોગવાઇ કરવી;

(૩૨) સ્ટેચ્યુટો કરવા, સુધારવા અથવા રદ કરવા;

(૩૩) આ અધિનિયમ, સ્ટેચ્યુટ અને વિનિયમોથી તેને આપવામાં આવે તેવી બીજી સત્તાઓ વાપરવી અથવા તેના પર નાખવામાં આવે તેવા બીજા કાર્યો કરવા;

(૩૪) આ અધિનિયમમાં અથવા સ્ટેચ્યુટમાં અન્યથા જોગવાઇ કરી ન હોય તેવી યુનિવર્સિટીની તમામ સત્તાઓ અને આ અધિનિયમની અથવા સ્ટેચ્યુટની જોગવાઇઓનો અમલ કરવા માટે જરૂરી હોય તેવી અન્ય તમામ સત્તાઓ વાપરવી.

(૨) એકેડેમિક કાઉન્સિલ ભલામણ કરે તે સિવાય, બોર્ડથી પેટા-કલમ (૧)ના ખંડો (૧૫)થી (૧૭), (૨૦), (૨૧), (૨૫), (૨૬), (૨૭), (૨૯) અને (૩૨) હેઠળની સત્તા વાપરી શકાશે નહિ અથવા કાર્યો કરી શકાશે નહિ.

(૩) પેટા-કલમ (૧)ના ખંડ (૨૨) અને (૨૩) હેઠળ બોર્ડ જે સત્તા વાપરે તે સત્તા, યુનિવર્સિટીના, અંગભૂત કોલેજના,સંલગ્ન કોલેજોના અને માન્ય સંસ્થાઓના અધિકારીઓના અને અધ્યાપકીય, બીજા એકેડેમિક અને બિન-અધ્યાપકીય સ્ટાફના સભ્યોનાં પગાર-ધોરણો અને ભથ્થાં ઠરાવવાને અને તેનું નિયમન કરવાને લગતી હોય તેટલે સુધી, તે સત્તા વાપરવાનું રાજય સરકારની મંજૂરીને અધીન રહેશે.

(૪) બોર્ડ, સ્ટેચ્યુટથી પોતાનું વહીવટી કાર્ય કરવા માટે સમિતિઓ નીમી શકશે અને તેમનાં રચના, કાર્યો અને મુદત નકકી કરી શકશે.

એકેડેમિક કાઉન્સિલ.

૨૧. (૧) એકેડેમિક કાઉન્સિલ નીચેના સભ્યોનું બનશે :-

(૧) કુલપતિ, હોદ્દાની રૂએ,

(૨) સંશોધન નિયામક અને અનુસ્નાતક અભ્યાસોના ડીન, હોદ્દાની રૂએ,

(૩) વિદ્યાશાખાઓના ડીન, હોદ્દાની રૂએ,

(૪) વિસ્તરણ શિક્ષણ નિયામક, હોદ્દાની રૂએ,

(૫) કુલપતિએ વિદ્યાશાખાઓના વિભાગોના વડા અને યુનિવર્સિટીના સંશોધન વૈજ્ઞાનિકોમાંથી વારાફરતી નામ નિયુકત કરવાના છ સભ્યો,

(૨) પેટા-કલમ (૧) હેઠળ એકેડેમિક કાઉન્સિલ રચવામાં આવે કે તરત જ, કૃષિ અને તેને સંબંધીત વિજ્ઞાનની જુદી જુદી શાખાઓનું પ્રતિનિધિત્વ કરતી દસ કરતા વધુ નહિ તેટલી વ્યકિતઓને, તેના વધારાના સભ્યો તરીકે ઠરાવવામાં આવે તેટલી મુદત સુધી, તે કો-ઓપ્ટ કરી શકશે, પછી તે વ્યકિતઓ, યુનિવર્સિટીના સભ્યો તરીકે, અધ્યાપકો તરીકે અથવા અન્યથા યુનિવર્સિટી સાથે સંકળાયેલી હોય કે ન હોય.

(૩) એકેડેમિક કાઉન્સિલના હોદ્દાની રૂએના સભ્યો સિવાયના સભ્યોના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે.

૨૨. (૧) એકેડેમિક કાઉન્સિલનું, યુનિવર્સિટીના અધ્યાપન અને પરીક્ષાઓનાં ધોરણ જાળવવા અંગે નિયંત્રણ અને સામાન્ય નિયમન રહેશે અને તે તેને માટે જવાબદાર ગણાશે. એકેડેમિક કાઉન્સિલની સત્તા અને ફરજો.

(૨) પૂર્વવર્તી જોગવાઇઓની વ્યાપકતાને બાધ આવ્યા વિના અને આ અધિનિયમની જોગવાઇઓથી અથવા તે હેઠળ ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, એકેડેમિક કાઉન્સિલ, નીચેની સત્તાઓ વાપરશે અને નીચેની ફરજો બજાવશે :-

(૧) અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ, ગ્રંથાલયો અને પ્રયોગશાળાઓ અને યુનિવર્સિટી વિભાગો સ્થાપવાની દરખાસ્તો કરવી;

(૨) વિભાગો અને વિદ્યાશાખાઓ શરૂ કરવા માટે બોર્ડને ભલામણ કરવી;

(૩) યુનિવર્સિટીને જરૂર પડે તેવા પ્રોફેસરોની, એસોસિયેટ પ્રોફેસરોની, મદદનીશ પ્રોફેસરોની જગા અને અધ્યાપકોની બીજી કોઇ જગા શરૂ કરવા માટેની અને આવી જગા ધરાવતી વ્યકિતઓની ફરજો ઠરાવવા માટેની દરખાસ્તો કરવી ;

(૪) યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના પ્રવેશ અને પ્રવેશ આપવાના વિદ્યાર્થીઓની સંખ્યા સંબંધી વિનિયમો કરવા;

(૫) સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓમાં અભ્યાસ અને અધ્યાપનનું સંકલન કરવાની વ્યવસ્થા કરવી;

(૬) પદવીઓ, ડિપ્લોમા અને પ્રમાણપત્રો માટે લાયક થવા માટે યુનિવર્સિટીમાં અથવા સંલગ્ન કોલેજોમાં મંજૂર કરાયેલા અભ્યાસક્રમોમાંથી મુકિત આપવાની રીત ઠરાવતા વિનિયમો મંજૂર કરવા;

(૭) કોલેજોને જોડાણ અને સંસ્થાઓને માન્યતા આપવા માટે બોર્ડને ભલામણ કરવી;

(૮) પદવીઓ, ડિપ્લોમા, પ્રમાણપત્રો અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન માટેના અભ્યાસક્રમો સંબંધી વિનિયમો કરવા;

(૯) પરીક્ષાઓના સંચાલન સંબંધી વિનિયમો કરવા;

(૧૦) વિદ્યાશાખાઓને વિષયો ફાળવવા માટે દરખાસ્તો મંજૂર કરવી;

(૧૧) અનુસ્નાતક અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ માટે દરખાસ્તો કરવી;

(૧૨) યુનિવર્સિટીમાં અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ સ્ટાફ માટેની લાયકાતોની ભલામણ કરવી;

(૧૩) યુનિવર્સિટીની પરીક્ષાઓ અને વિદ્યાર્થીઓને તેમાં બેસવા દેવાની શરતો સંબંધી વિનિયમો કરવા;

(૧૪) સામાન્યતઃ તમામ શૈક્ષણિક બાબતોના સંબંધમાં યુનિવર્સિટીને સલાહ આપવી; અને

(૧૫) આ અધિનિયમ અને સ્ટેચ્યુટથી અથવા તે હેઠળ તેને સોંપવામાં આવે તેવી બીજી કોઇ સત્તા વાપરવી અને તેના ઉપર મૂકવામાં આવે તેવી બીજી ફરજો બજાવવી.

વિદ્યાશાખાઓ. ૨૩. (૧) યુનિવર્સિટીમાં કૃષિ અને સંલગ્ન વિજ્ઞાનોની વિદ્યાશાખા અને ઠરાવવામાં આવે તેવી બીજી વિદ્યાશાખાઓનો સમાવેશ થશે.

(૨) દરેક વિદ્યાશાખામાં, ઠરાવવામાં આવે તેવા વિષયોનો સમાવેશ થશે.

(૩) પેટા-કલમ(૧)માં ઉલ્લેખેલ વિદ્યાશાખાઓની રચના, સત્તા અને ફરજો ઠરાવવામાં આવે તેવી રહેશે.

અભ્યાસ બોર્ડ. ૨૪. (૧) દરેક વિષય અથવા વિષયોના સમુહ માટે અભ્યાસ બોર્ડ રહેશે.

(૨) દરેક બોર્ડની રચના અને તેના સભ્યોના હોદ્દાની મુદત ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૩) દરેક બોર્ડ ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવી ફરજો બજાવશે.

## પ્રકરણ ૫

## રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓની કાઉન્સિલ

રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓની કાઉન્સિલ. ૨૫. (૧) રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓની કાઉન્સિલ નીચેના સભ્યોની બનશેઃ-

(ક) કૃષિ મંત્રી, ગુજરાત સરકાર, હોદ્દાની રૂએ,

(ખ) ગુજરાત સરકારના સચિવ, સામાન્ય વહીવટ વિભાગ, હોદ્દાની રૂએ,

(ગ) ગુજરાત સરકારના સચિવ, નાણા વિભાગ, હોદ્દાની રૂએ,

(ઘ) ગુજરાત સરકારના સચિવ, કૃષિ અને સહકાર વિભાગ, હોદ્દાની રૂએ,

(ચ) દરેક યુનિવર્સિટીઓના કુલપતિ, હોદ્દાની રૂએ,

(છ) ખેતી નિયામક, ગુજરાત રાજ્ય, હોદ્દાની રૂએ,

(જ) પશુપાલન નિયામક, ગુજરાત રાજ્ય, હોદ્દાની રૂએ,

(ઝ) બાગાયત નિયામક, ગુજરાત રાજ્ય, હોદ્દાની રૂએઃ

પરંતુ રાજ્યમાં સંવિધાનની કલમ ૩૫૬ હેઠળ કરેલ ઘોષણા અમલમાં હોય, ત્યારે કેન્દ્ર સરકાર, અધ્યક્ષ તરીકે કૃષિ મંત્રીની જગ્યાએ એક વ્યક્તિને નીમી શકશે અને એવી રીતે નીમાયેલ વ્યક્તિએ એવી ઘોષણાનો અમલ રદ થયે અથવા અમલમાં હોતી બંધ થયે તેનો હોદ્દો ખાલી કરવો જોઇશે.

(૨) (ક) કૃષિ મંત્રી કાઉન્સિલના અધ્યક્ષ રહેશે અને તેની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેશે:

પરંતુ મંત્રી કોઇ બેઠકનું અધ્યક્ષસ્થાન લઇ શકે તેમ ન હોય, ત્યારે તે બેઠકનું અધ્યક્ષસ્થાન લેવા નાયબ કૃષિ મંત્રીને નામનિયુકત કરી શકશે.

(ખ) ગુજરાત સરકારના કૃષિ અને સહકાર વિભાગના કૃષિ યુનિવર્સિટીઓના વિષયનો હવાલો ધરાવતા સંયુકત સચિવ અથવા નાયબ સચિવ કાઉન્સિલના સભ્ય-સચિવ રહેશે.

(૩) કાઉન્સિલનું મુખ્ય મથક ગાંધીનગર ખાતે રહેશે.

(૪) કાઉન્સિલની બેઠક વર્ષમાં ઓછામાં ઓછી બે વખત મળશે.

(૫) પેટા-કલમ(૪)ને અધીન રહીને, કાઉન્સિલની બેઠક, અધ્યક્ષ આ અર્થે નક્કી કરે તેવા સમયે અને તેવા સ્થળે મળશે અને તેની બેઠકમાં તેણે નક્કી કરેલા તેના કામકાજના વ્યવહારો સંબંધી કાર્યરીતિના એવા નિયમોનું પાલન કરશે.

(૬) બેઠકમાં ચાર સભ્યોથી કોરમ ગણાશે અને કાઉન્સિલની બેઠકમાં તમામ પ્રશ્નોનો નિર્ણય હાજર સભ્યોની બહુમતી અને મતદાનથી કરાશે.

(૭) કાઉન્સિલ નીચેના કાર્યો બજાવશેઃ-

(ક) વર્ષમાં બે વખત યુનિવર્સિટીઓની કામગીરીની સમીક્ષા કરવી અને રાજય સરકાર અને કુલાધિપતિને તેનો રિપોર્ટ આપવો,

(ખ) રાજય સરકારે તે અર્થે તેને પુછાણ કર્યે, યુનિવર્સિટીઓની કામગીરીને લગતી કોઇ બાબત અંગે રાજય સરકારને સલાહ આપવી,

(ગ) યુનિવર્સિટીઓના જરૂરી નાણાની આકારણી કરવી અને રાજય સરકારે યુનિવર્સિટીઓને આપવાની ગ્રાન્ટ(અનુદાન)ની ભલામણ કરવી,

(ઘ) યુનિવર્સિટીઓના બોર્ડ પસાર કરે તે પહેલાં યુનિવર્સિટીની પ્રવૃત્તિઓની વાર્ષિક યોજના અને વાર્ષિક નાણાકીય અંદાજોની સમીક્ષા કરવી,

(ચ) યુનિવર્સિટીઓની નવી વિદ્યાશાખાઓ, શાખાઓ અથવા વિભાગો ધરાવવાની જરૂરીયાતોની આકારણી કરવી,

(છ) યુનિવર્સિટીઓમાં અપાતા કૃષિ અને સંલગ્ન શાસ્ત્રોના શિક્ષણ અને યુનિવર્સિટીઓ દ્વારા હાથ ધરાતી કૃષિ સંશોધન પ્રવૃત્તિઓ અને કૃષિ વિસ્તરણ શિક્ષણ પ્રવૃત્તિઓનું અને તેને લગતી બાબતોનું સંકલન કરવું,

(જ) યુનિવર્સિટીઓના વિવિધ પદવી અભ્યાસક્રમોની દેખરેખ રાખવી અને કેન્દ્રીય પ્રવેશનું સંકલન કરવું,

(ઝ) યુનિવર્સિટીની જરૂરીયાત અનુસાર તેમની સંબંધિત શાખામાં વિદ્યાશાખાના અધ્યાપકોની ક્ષમતા વધારવા માટેના કાર્યક્રમો યોજવા,

(ટ) રાજય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા બીજા કાર્યો.

(૮) પોતાના કાર્યો બજાવવાના હેતુ માટે, કાઉન્સિલ, યુનિવર્સિટીઓ પાસેથી જરૂરી હોય તેવા રિપોર્ટ, પત્રક અને માહિતી મંગાવી શકશે અને યુનિવર્સિટીઓએ એવા રિપોર્ટ, પત્રક અને માહિતી રજૂ કરવા જોઇશે.

## પ્રકરણ ૬

## સંશોધન અને વિસ્તરણ શિક્ષણ

કૃષિ સંશોધન સંગઠન.

૨૬. (૧) આ અધિનિયમ અને સ્ટેચ્યુટની જોગવાઈઓને અધીન રહીને, યુનિવર્સિટી, કૃષિના વિકાસ અને યુનિવર્સિટી વિસ્તારની ગ્રામ્ય વસતીને લાભ આપવાના હેતુ માટે અને કૃષિ અને સંલગ્ન શાસ્ત્રોની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે માર્ગદર્શન આપતું સંશોધન હાથ ધરશે અને આવું સંશોધન હાથ ધરવા માટે તે, કૃષિ સંશોધન સંગઠન સ્થાપશે.

(૨) કૃષિ સંશોધન સંગઠન નીચેના અધિકારીઓ અને કર્મચારીઓનું બનશેઃ-

(ક) સંશોધન નિયામક અને અનુસ્નાતક અભ્યાસોના ડીન, જે સંગઠનના વડા રહેશે,

(ખ) યુનિવર્સિટી વિસ્તારમાં આવતા વિવિધ કૃષિ-આબોહવા ઝોન માટે યુનિવર્સિટીએ નીમેલ સંશોધનના સહનિયામકો,

(ગ) યુનિવર્સિટીએ વિવિધ પાક, ચીજવસ્તુઓ અથવા કુદરતી સાધન-સંપત્તિ અંગે સંશોધનનું કાર્ય સોંપેલ હોય તેવા વૈજ્ઞાનિકો,

(ઘ) સંગઠનના હેતુ માટે યુનિવર્સિટીએ નીમેલ હોય તેવા બીજા અધિકારીઓ અને કર્મચારીઓ.

(૩) યુનિવર્સિટી વિસ્તારમાંની બીજી કૃષિવિષયક સંશોધનની પ્રવૃત્તિઓ પર પણ કૃષિ સંશોધન સંગઠનનું નિયંત્રણ રહેશે.

કૃષિ વિસ્તરણ શિક્ષણ સંગઠન.

૨૭. (૧) યુનિવર્સિટી, કૃષિ વિસ્તરણ શિક્ષણ સંગઠન સ્થાપશે.

(૨) કૃષિ વિસ્તરણ શિક્ષણ સંગઠન નીચેના અધિકારીઓ અને કર્મચારીઓનું બનશેઃ-

(ક) વિસ્તરણ શિક્ષણ નિયામક, જે સંગઠનના વડા રહેશે,

(ખ) યુનિવર્સિટીએ કૃષિ ટેકનોલોજીની આકારણી, સુધારણા અને હસ્તાંતરણ અંગેનું કાર્ય સોંપેલ હોય તેવા વિસ્તરણ વૈજ્ઞાનિકો,

(ગ) સંગઠનના હેતુ માટે યુનિવર્સિટીએ નીમેલ હોય તેવા બીજા અધિકારીઓ અને કર્મચારીઓ.

(૩) કૃષિ વિસ્તરણ શિક્ષણ સંગઠન, નીચેના કાર્યો બજાવશેઃ-

(ક) કૃષિ ઉત્પાદન વધારવાના હેતુ માટે વિસ્તરણ પ્રવૃત્તિ હાથ ધરવી;

(ખ) તેણે કરેલ સંશોધનના તારણો પર આધારિત માહિતી ખેડૂતોને ઉપલબ્ધ કરાવવી;

(ગ) વિદ્યાર્થીઓ, વિસ્તરણ કાર્યકરો અને જેનો વ્યવસાય કૃષિ હોય તેવી વ્યકિતઓના લાભ માટે નિદર્શનો અને તાલીમ કાર્યક્રમો યોજવા;

(ઘ) યુનિવર્સિટીના બીજા કાર્યોની સાથે વિસ્તરણ પ્રવૃત્તિનું સંકલન કરવું;

(ચ) ઠરાવવામાં આવે તેવા બીજા કાર્યો.

## પ્રકરણ ૭

## સ્ટેચ્યુટ અને વિનિયમો.

૨૮. આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, સ્ટેચ્યુટથી, નીચેની તમામ બાબતો અથવા તે પૈકીની કોઇપણ બાબત માટે જોગવાઇ કરી શકાશે:- સ્ટેચ્યુટ.

(૧) માનદ્ પદવીઓ અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન એનાયત કરવા અને પાછા ખેંચવા;

(૨) પદવીઓ એનાયત કરવા માટે પદવીદાન સમારંભો યોજવા;

(૩) યુનિવર્સિટીના અધિકારીઓની સત્તા, કાર્યો, ફરજો, નિમણુંકની રીત, મળતર, સેવાની બોલીઓ અને શરતો;

(૪) યુનિવર્સિટીના કર્મચારીઓના હોદ્દા, લાયકાતો, ભરતીની પધ્ધતિ, મળતર અને સેવાની બીજી બોલીઓ અને શરતો અને તેમની ફરજો;

(૫) યુનિવર્સિટીના બીજા મંડળોની યુનિવર્સિટીના અધિકારીમંડળ તરીકે જાહેરાત કરવી;

(૬) આ અધિનિયમમાં જોગવાઇ કર્યા પ્રમાણે હોય તે સિવાય, યુનિવર્સિટીના અધિકારી મંડળોની રચના, સત્તા અને ફરજો;

(૭) વસિયતી દાન અને દાન સ્વીકારવા અને તેની વ્યવસ્થા કરવી;

(૮) સ્નાતકોનું રજિસ્ટ્રેશન અને રજિસ્ટર થયેલા સ્નાતકોના રજિસ્ટરની જાળવણી;

(૯) યુનિવર્સિટીના અધિકારી મંડળોની બેઠકોની કાર્યરીતિ અને તેમના કામકાજનું સંચાલન;

(૧૦) અધ્યાપકો અને બીજા બિન-શૈક્ષણિક સ્ટાફનું વર્ગીકરણ અને નિમણૂકની રીત;

(૧૧) વિદ્યાશાખાઓની સ્થાપના, એકીકરણ, પેટા-વિભાજન અને તે રદ કરવા બાબત;

(૧૨) વિદ્યાશાખામાં અધ્યાપનના વિભાગોની સ્થાપના;

(૧૩) યુનિવર્સિટીના કર્મચારીઓના લાભ માટે જે રીતે અને જે શરતોને અધીન રહીને પેન્શન, ભવિષ્યનિધિ અને વીમા નિધિની રચના કરવી જોઈશે તે રીત અને તે શરતો અને એવા દરેક નિધિની બોલીઓ અને શરતો;

(૧૪) આ અધિનિયમથી ઠરાવવાની અથવા સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવી તમામ બાબતો;

૨૯. (૧) બોર્ડ સ્ટેચ્યુટ ઘડી શકશે અથવા આમાં હવે પછી જોગવાઇ કરેલી રીતે, બોર્ડ તેમાં સુધારો કરી શકશે, તે રદ કરી શકશે અથવા તેમાં ઉમેરો કરી શકશે. સ્ટેચ્યુટો ઘડવા, સુધારવા, રદ કરવા અને તેનો અમલ કરવા બાબત.

(૨) બોર્ડ, કોઇ સ્ટેચ્યુટના મુસદ્દાની વિચારણા કરી શકશે.

(૩) સ્ટેચ્યુટ, કોઇ અધિકારી અથવા યુનિવર્સિટીના અધિકારી મંડળની સત્તા અથવા ફરજોને અસર કરે, ત્યારે બોર્ડ આવો સ્ટેચ્યુટ પસાર કરતાં પહેલાં, સંબંધિત અધિકારી અથવા અધિકારીમંડળના મંતવ્યો જાણી એ ઉપર વિચારણા કરવી જોઇશે અને તે વિચારણામાં લેવા જોઈશે.

(૪) બોર્ડે પસાર કરેલ દરેક સ્ટેચ્યુટ કુલાધિપતિને મોકલવામાં આવશે, જેઓ તેને તેમની અનુમતિ આપી શકશે અથવા તેને અટકાવી શકશે અથવા વિચારણા માટે બોર્ડને પાછો મોકલી શકશે.

(૫) બોર્ડે પસાર કરેલો કોઇ સ્ટેચ્યુટ કુલાધિપતિ તેને અનુમતિ ન આપે ત્યાં સુધી કાયદેસર ગણાશે નહિ.

વિનિયમો. ૩૦. (૧) કલમ ૧૭ના ખંડો (૨),(૩) અને (૪)માં નિર્દિષ્ટ કરેલ અથવા ખંડ (૫) હેઠળ જાહેર કરેલ યુનિવર્સિટીનું કોઈપણ અધિકારી મંડળ, આ અધિનિયમ, અથવા સ્ટેચ્યુટથી વિનિયમો ધ્વારા જોગવાઇ કરવાની હોય તે અને માત્ર તમામ બાબતો માટે અને આવા અધિકારી મંડળને સંબંધિત તમામ બીજી બાબતો માટે જોગવાઈ કરવા માટે આ અધિનિયમ, અને સ્ટેચ્યુટ સાથે સુસંગત વિનિયમો કરી શકશે.

(૨) અધિકારી મંડળે કરેલ વિનિયમ, વિનિયમ કરતું અધિકારી મંડળ આદેશ કરે તેવી તારીખથી અમલમાં આવશેઃ

પરંતુ યુનિવર્સિટી ફંડમાંથી ખર્ચનો સમાવેશ થતો હોય તેવો વિનિયમ, બોર્ડની મંજૂરી ન મળે ત્યાં સુધી અમલમાં આવશે નહી.

(૩) અભ્યાસ બોર્ડ, એકેડેમિક કાઉન્સિલે પસાર કરવાના યુનિવર્સિટીના અભ્યાસક્રમો, પરીક્ષાની પધ્ધતિ અને પદવી અને ડીપ્લોમાને લગતા કોઈપણ વિનિયમના મુસદ્દાની, એકેડેમિક કાઉન્સિલને દરખાસ્ત કરી શકશે. આવો મુસદો એકેડેમિક કાઉન્સિલ, તેની તરત પછીની બેઠકમાં વિચારણામાં લેશે.

(૪)(ક) એકેડેમિક કાઉન્સિલ, પોતે સૂચવે તેવા કોઈપણ સુધારા સાથે મુસદ્દો મંજૂર કરી શકશે અને વિનિયમ પસાર કરી શકશે અથવા તે નામંજૂર કરી શકશે અથવા સમગ્ર અથવા અંશતઃ ફેર વિચારણા માટે અભ્યાસ બોર્ડને પાછો મોકલી શકશે.

(ખ) એવી રીતે કોઈપણ મુસદાની એકેડેમિક કાઉન્સિલે સુચવેલ કોઈપણ સુધારા સાથે અભ્યાસ બોર્ડે વધુ વિચારણા કર્યા પછી, તેના ઉપર અભ્યાસ બોર્ડના રિપોર્ટ સાથે, એકેડેમિક કાઉન્સિલ સમક્ષ ફરીથી રજૂ કરવો જોઈશે. એકેડેમિક કાઉન્સિલ ત્યારપછી પોતાને યોગ્ય લાગે તે રીતે તે મુસદ્દાની તજવીજ કરી શકશેઃ

પરંતુ કલમ ૧૭ ના પેટા-કલમ(૩) માં ઉલ્લેખેલ હોય તે સિવાયની બાબતોને લગતો અભ્યાસ બોર્ડનો કોઈપણ વિનિયમ એકેડેમિક કાઉન્સિલે મંજૂર કરેલ હોય તે સિવાય કરી શકાશે નહીઃ

વધુમાં કલમ ૧૭ ના ખંડ (૫) હેઠળ જાહેર કરેલ કોઈપણ અધિકારી મંડળે કરેલ કોઈપણ વિનિયમ, સંચાલક મંડળે મંજૂર કરેલ હોય તે સિવાય કરી શકાશે નહી.

## પ્રકરણ ૮

## જોડાણ અને માન્યતા

જોડાણ. ૩૧. (૧) કૃષિ અને સંલગ્ન વિજ્ઞાનમાં શિક્ષણ આપવા ઈચ્છતી કોલેજે, યુનિવર્સિટીમાં જોડાણ માટે, જે વર્ષમાં કોલેજ શરુ કરવા ધાર્યુ હોય તેની અગાઉના વર્ષના માર્ચ મહિનાની ૩૧મી તારીખથી મોડું નહિ તે રીતે રજિસ્ટ્રારને અરજીપત્ર મોકલવું જોઈશેઃ

પરંતુ કુલપતિની ભલામણ ઉપર બોર્ડ, તેને એવી ખાતરી થાય કે તેમ કરવા માટે ખાસ કારણો છે, તો આવા કારણોની નોંધ કર્યા પછી, ૩૧મી માર્ચ પછી રજિસ્ટ્રારને મોકલેલા અરજીપત્ર હાથ ધરી શકશે.

(૨) જોડાણ માટે અરજી કરતી કોલેજે, બોર્ડ અને એકેડેમિક કાઉન્સિલને એવી ખાતરી કરાવવી જોઈશે કે,–

(ક) કોલેજ નિયમિત રીતે રચાયેલ સંચાલક મંડળના વહીવટ હેઠળ છે ;

(ખ) અધ્યાપકીય સ્ટાફની સંખ્યા અને લાયકાતો અને લાગુ પડતી શરતો, તેમના હોદ્દાની મુદતનું નિયમન કરતી શરતો, કોલેજે કૃષિ અને સંલગ્ન શાસ્ત્રોમાં આપવાના શિક્ષણ માટેની અને કોલેજે હાથ ધરવાના કૃષિમાં સંશોધન અને વિસ્તરણ શિક્ષણને લગતાં કાર્યક્રમ યોજવા માટે માર્ગદર્શન આપવા માટેની યોગ્ય જોગવાઈ કરી શકાય તેવી છે.

(ગ) જે મકાનમાં કોલેજ હોય અથવા ચલાવવાની હોય તે મકાન યોગ્ય છે અને પોતાના માતાપિતા અથવા વાલી સાથે રહેતા ન હોય તેવા વિદ્યાર્થીઓના કોલેજમાં નિવાસ માટે અથવા કોલેજે માન્ય કરેલા નિવાસ ગૃહમાં રહેવાની અને વિદ્યાર્થીઓની દેખરેખ રાખવાની અને તેમના કલ્યાણ માટે સ્ટેચ્યુટ સાથે અનુરુપ જોગવાઈ કરવામાં આવી છે અથવા કરવામાં આવશે;

(ઘ) ગ્રંથાલય માટે યોગ્ય જોગવાઈ કરવામાં આવી છે અથવા કરવામાં આવશે;

(ચ) પ્રયોગાત્મક વિજ્ઞાનની કોઈ શાખા સાથે જોડાણ કરવા ધાર્યુ હોય ત્યારે યોગ્ય રીતે સાધનસજ્જ પ્રયોગશાળામાં વિજ્ઞાનની તે શાખાનું શિક્ષણ આપવા માટે સ્ટેચ્યુટ અને વિનિયમોને અનુરુપ વ્યવસ્થા કરવામાં આવી છે અથવા કરવામાં આવશે;

(છ) પ્રિન્સિપાલ અને અધ્યાપકીય સ્ટાફના બીજા સભ્યોને કોલેજમાં અથવા કોલેજની નજીક અથવા વિદ્યાર્થીઓના નિવાસ માટે પૂરી પાડવામાં આવેલી જગાની નજીક રહેવા માટે સંજોગો અનુકૂળ હોય ત્યાં સુધી યોગ્ય જોગવાઈ કરવામાં આવી છે અથવા કરવામાં આવશે;

(જ) કોલેજના નાણાંકીય સાધનો એવા છે કે તેના સતત નિભાવ માટે અને તેને કાર્યક્ષમતાથી ચલાવવા માટે યોગ્ય જોગવાઈ થઈ શકે;

(ઝ) વિદ્યાર્થીઓએ આપવાની ફી (હોય તો તે) ઠરાવતા કોલેજના નિયમો, પાસેની કોઈ વિદ્યમાન કોલેજ સાથે શિક્ષણના હિતને નુકશાન થાય તે રીતે હરિફાઇ ઉભી થાય તેવી રીતે ઘડવામાં આવ્યા નથી ;

(ટ) કોલેજના પ્રિન્સિપાલ અને અધ્યાપકીય સ્ટાફની ભરતી માટે કોલેજની પસંદગી સમિતિ છે, જેમાં નીચેના સભ્યોનો સમાવેશ થાય છેઃ-

(૧) પ્રિન્સિપાલની ભરતીના કિસ્સામાં, કુલપતિએ નામનિયુકત કરેલ યુનિવર્સિટીના પ્રતિનિધિ; અને

(૨) કોલેજના અધ્યાપકીય સ્ટાફના કોઈ સભ્યની ભરતીના કિસ્સામાં, કુલપતિએ નામનિયુકત કરેલ યુનિવર્સિટીના પ્રતિનિધિ અને આવા સભ્યોએ શીખવવાના વિષય સાથે સંબંધિત વિભાગના વડા, હોય તો, તેઃ

પરંતુ આ ખંડમાંનો કોઈપણ મજકૂર, સરકારી કોલેજને, સરકાર નિભાવતી હોય તે કોલેજને અથવા ધર્મ અથવા ભાષા ઉપર આધારિત લઘુમતી દ્વારા સ્થપાયેલ અને વહીવટ કરાતી કોલેજને લાગુ પડશે નહી.

(ઠ) સરકારી કોલેજ, અથવા સરકાર નિભાવતી હોય તેવી કોલેજ ન હોય તેવી સંલગ્ન કોલેજના અધ્યાયકીય અને બીજા શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક સ્ટાફના પગારધોરણો અને ભથ્થાં સહિત નોકરીની શરતો માટે જોગવાઈ કરતા સ્ટેચ્યુટ અને વિનિયમોનું કોલેજ પાલન કરશે.

(ડ) આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર સ્ટેચ્યુટમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બીજી શરતો.

(૩) અરજી સાથે એવી ખાતરી આપવી જોઈશે કે કોલેજના જોડાણ પછી, વહીવટમાં કોઈ ફેરબદલી અને અધ્યાપકીય સ્ટાફમાંના તમામ ફેરફાર અને બીજા તમામ ફેરફાર કે જેના પરિણામે ઉપર્યુક્ત જરૂરિયાતો પરિપૂર્ણ ન થતી હોય અથવા પરિપૂર્ણ થવાનું ચાલુ હોય તો, તેનો તરત જ બોર્ડને રિપોર્ટ કરવામાં આવશે.

(૪) પેટા-કલમ (૧) હેઠળ અરજી પત્ર મળ્યે, બોર્ડ –

(ક) પેટા-કલમ (૨)માં ઉલ્લેખ કરેલ બાબતો અને જરુરી અને સંબંધિત ગણવામાં આવે તેવી બીજી બાબતોના સંબંધમાં આ અર્થે બોર્ડે અધિકૃત કરેલ સક્ષમ વ્યકિત અથવા વ્યકિતઓ દ્વારા સ્થાનિક તપાસ કરવાનો આદેશ કરશે,

(ખ) પોતાને જરુરી જણાય તેવી વધુ તપાસ કરશે,

(ગ) તેને જણાવેલી શરતો પૈકી કોઈપણની પુનઃવિચારણા કરવા માટે અરજદારે કોઈ વિનંતી કરી હોય તો તેની યોગ્ય વિચારણા કરશે,

(ઘ) ખંડો (ક) અને (ખ) હેઠળ કોઈપણ તપાસનું પરીણામ જણાવીને, અરજી સંપુર્ણતઃ અથવા અંશતઃ મંજૂર કરવી જોઈશે કે નામંજૂર કરવી જોઈશે કે કેમ તે પ્રશ્ન અંગે એકેડેમિક કાઉન્સિલ સાથે વિચારવિનિમય કર્યા પછી પોતાનો અભિપ્રાય નોંધશેઃ

પરંતુ કોલેજના જોડાણ સંબંધી એકેડેમિક કાઉન્સિલનું મંતવ્ય, બોર્ડને સ્વીકાર્ય ન હોય ત્યારે બોર્ડ કોઈપણ ટીપ્પણી સાથે અથવા તે વિના, એકેડેમિક કાઉન્સિલને તે બાબત ફરી પાછી મોકલશે અને એકેડેમિક કાઉન્સિલ, કોલેજના જોડાણ સંબંધી પોતાનું મંતવ્ય બોર્ડને ફરી જણાવશે.

(૫) રજિસ્ટ્રારે, એકેડેમિક કાઉન્સિલની અને બોર્ડની અરજી અને તેને લગતી તમામ કાર્યવાહી રાજય સરકારને રજૂ કરવી જોઈશે, જે પોતાને જરુરી લાગે તેવી તપાસ કર્યા પછી અરજી અથવા તેનો કોઈપણ ભાગ મંજૂર કરશે અથવા નામંજૂર કરી શકશે.

(૬) અરજી અથવા તેનો કોઈપણ ભાગ મંજૂર કર્યો હોય ત્યારે રાજય સરકારના હુકમમાં, જેના સંબંધમાં કોલેજનું જોડાણ કર્યુ હોય તે શિક્ષણનો અભ્યાસક્રમ નિર્દિષ્ટ કરવો જોઈશે અને અરજી અથવા તેનો કોઈપણ ભાગ નામંજૂર કર્યો હોય તો, આવી રીતે નામંજૂર કરવાના કારણો નોંધવા જોઈશે.

(૭) રાજ્ય સરકાર પોતાનો હુકમ કરે કે તરત જ રજિસ્ટ્રારે બોર્ડને અને એકેડેમિક કાઉન્સિલને, અરજી અને સંબંધી સંપૂર્ણ રિપોર્ટ પેટા-કલમો (૪) થી (૬) હેઠળ તેના ઉપર લીધેલ પગલાં અને તેની સાથે સંકળાયેલ તમામ કાર્યવાહી, મોકલી આપવા જોઈશે.

(૮) પેટા-કલમ (૧) હેઠળની અરજી પેટા-કલમ (૬)હેઠળ હુકમ કરવામાં આવે તે પહેલાં કોઈપણ સમયે પાછી ખેંચી શકાશે.

૩૨. કોઈપણ કોલેજ જે શિક્ષણના અભ્યાસક્રમ માટે તે જોડાયેલી હોય તે શિક્ષણનો અભ્યાસ વધારવા માંગે ત્યારે, કલમ ૩૧થી ઠરાવેલી કાર્યરીતિ, શકય હોય તેટલે સુધી અનુસરવી જોઈશે. જોડાણનું વિસ્તરણ.

૩૩. (૧) બોર્ડને, એકેડેમિક કાઉન્સિલ સાથે વિચારવિનિમય કર્યા પછી, કોલેજ સિવાયની કૃષિમાં અથવા વિસ્તરણ શિક્ષણમાં સંશોધનની કોઈ સંસ્થાને માન્ય સંસ્થા તરીકે માન્ય કરવાની સત્તા રહેશે. સંસ્થાની માન્યતા.

(૨) આવી માન્યતા મેળવવા ઈચ્છતી સંસ્થાએ , રજિસ્ટ્રારને અરજીપત્ર મોકલવું જોઈશે અને અરજીપત્રમાં નીચેની બાબતો સંબંધી સંપૂર્ણ માહિતી આપવી જોઈશે:–

(ક) સંચાલક મંડળની રચના અને તેના સભ્યો;

(ખ) જેના સંબંધમાં માન્યતા માંગી હોય તે વિષયો અને અભ્યાસક્રમો;

(ગ) જગાની સગવડ, સાધનસામગ્રી, ગ્રંથાલય, સગવડો અને જેમના માટે જોગવાઈ કરી હોય કે કરવા ધાર્યુ હોય તે વિદ્યાર્થીઓની સંખ્યા;

(ઘ) સ્ટાફનું સંખ્યાબળ, તેમની લાયકાતો અને પગાર અને તેમણે કરેલ સંશોધન કાર્ય;

(ચ) લીધેલી અથવા લેવા ધારેલ ફી અને મકાનો તથા સાધનસામગ્રી અંગેના મૂડી ખર્ચ માટે અને સંસ્થાના ચાલુ નિભાવ અને કાર્યક્ષમ સંચાલન માટે કરવામાં આવેલી નાણાકીય જોગવાઈ.

(૩) અરજી વિચારણામાં લેતા પહેલાં, બોર્ડ પોતાને જરુરી લાગે તેવી કોઈ વધુ માહિતી મંગાવી શકશે.

(૪) બોર્ડ, અરજી વિચારણામાં લેવાનું ઠરાવે તો તે આ અર્થે તેણે અધિકૃત કરેલ સક્ષમ વ્યકિત અથવા વ્યકિતઓ દ્વારા સ્થાનિક તપાસ કરવાનું ફરમાવી શકશે. આવી સ્થાનિક તપાસના પરિણામે કરવામાં આવેલા રિપોર્ટ ઉપર વિચારણા કર્યા પછી અને પોતાને જરુરી લાગે તેવી વધુ તપાસ કર્યા પછી, બોર્ડ, એકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય મેળવ્યા પછી અરજી અથવા તેનો કોઈપણ ભાગ મંજૂર અથવા નામંજૂર કરવો જોઈશે. તે અરજી અથવા તેનો કોઈપણ ભાગ મંજૂર કરવામાં આવે ત્યારે બોર્ડ જે વિષય અને પ્રશિક્ષણના અભ્યાસક્રમના સંબંધમાં સંસ્થા માન્ય કરી હોય તે નિર્દિષ્ટ કરવા જોઈશે અને તેની પછીની બેઠકમાં એકેડેમિક કાઉન્સિલને તે મતલબનો રિપોર્ટ કરવો જોઈશે. અરજી અથવા તેનો કોઈપણ ભાગ નામંજૂર કર્યો હોય તો એવી નામંજૂરીના કારણો જણાવવા જોઈશે.

કોલેજ અથવા માન્ય સંસ્થાની તપાસણી.

૩૪. (૧) દરેક સંલગ્ન કોલેજે અને માન્ય સંસ્થાએ, તે કોલેજ અથવા સંસ્થાની કાર્યક્ષમતા વિષે નિર્ણય કરવા માટે એકેડેમિક કાઉન્સિલ અને વિચારવિનિમય કર્યા પછી બોર્ડ માંગે તેવા રિપોર્ટ, પત્રકો અને બીજી માહિતી પૂરી પાડવી જોઈશે.

(૨) તે અર્થે બોર્ડનો આદેશ થયે, સંલગ્ન કોલેજ અથવા માન્ય સંસ્થાની તપાસ કરવા માટે કલમ ૪૩ હેઠળ રચાયેલી તપાસ સમિતિની, સંલગ્ન કોલેજ અથવા માન્ય સંસ્થાની તપાસ કરવાની અને બોર્ડને રિપોર્ટ કરવાની ફરજ રહેશે.

(૩) બોર્ડ, તપાસ સમિતિ દ્વારા વખતોવખત આવી દરેક કોલેજ અથવા સંસ્થાની તપાસણી કરાવશે.

(૪). એવી રીતે તપાસવામાં આવેલી કોઈપણ કોલેજ અથવા સંસ્થાને બોર્ડ નિર્દિષ્ટ સમયની અંદર કલમ ૩૧ ની પેટા–કલમ (૨) માં અથવા યથાપ્રસંગ, કલમ ૩૩ ની પેટા–કલમ (૨) માં ઉલ્લેખેલ કોઈપણ બાબતના સંબંધમાં પોતાને જરુરી જણાય તેવું પગલું લેવા ફરમાવી શકશે.

સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓએ શિક્ષણના માધ્યમને લગતી જોગવાઈઓનું પાલન કરવા બાબત.

૩૫.(૧) દરેક સંલગ્ન કોલેજે અથવા માન્ય સંસ્થાએ કૃષિમાં અને સંલગ્ન વિજ્ઞાનમાં કૃષિ સંશોધન અને વિસ્તરણ શિક્ષણ ના કાર્યક્રમમાં અને તેમાંની પરીક્ષાના શિક્ષણના માધ્યમના સંબંધમાં આ અધિનિયમ, સ્ટેચ્યુટ અને વિનિયમોથી, તે અર્થે કરેલી જોગવાઈઓનું પાલન કરવું જોઈશે.

(૨) કોઈ સંલગ્ન કોલેજ અથવા માન્ય સંસ્થા પેટા–કલમ(૧) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તો આ અધિનિયમની બીજી કોઈપણ જોગવાઈમાં ગમે તે મજકૂર હોય તે છતાં,

(ક) જોડાણ અથવા માન્યતાથી આવી કોલેજ અથવા સંસ્થાને આપેલા હકો આવું ઉલ્લંઘન કર્યાની તારીખથી પાછા ખેંચી લીધેલા ગણાશે, અને

(ખ) આવી કોલેજ અથવા માન્ય સંસ્થા, આ અધિનિયમના હેતુઓ માટે સંલગ્ન કોલેજ અથવા માન્ય સંસ્થા હોતી બંધ થશે.

(૩) પેટા-કલમ (૨) થી અસર પામેલી કોઈપણ સંલગ્ન કોલેજ અથવા માન્ય સંસ્થા, જોડાણ અથવા માન્યતાના પોતાના હક પાછા ખેંચી લેવા સંબંધી તકરાર ઉભી કરે તો, આવી તકરાર, રાજ્ય સરકારને મોકલવી જોઈશે અને રાજ્ય સરકારે તકરારનો નિર્ણય કરવો જોઈશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

જોડાણ પાછું ખેંચી લેવા બાબત.

૩૬. (૧) કોલેજ કલમ ૩૧ની પેટા–કલમ (૨) ની કોઈપણ જોગવાઈનું પાલન ન કરે અથવા કોલેજ જોડાણની કોઈપણ શરતનું પાલન ન કરે અથવા શિક્ષણના હિતને બાધ આવે તેવી રીતે તે કોલેજ ચલાવવામાં આવતી હોય, તો જોડાણથી કોલેજને મળેલ હક,સમગ્રપણે અથવા અંશતઃ પાછા ખેંચી શકાશે અથવા તેમાં ફેરફાર કરી શકાશે.

(૨) આવા હકો પાછા ખેંચી લેવાની અથવા તેમાં ફેરફાર કરવાની દરખાસ્ત ફકત બોર્ડમાં જ લાવી શકાશે. આવી દરખાસ્ત લાવવા માંગતા બોર્ડના સભ્યે, તેની નોટિસ આપવી જોઈશે અને જે કારણોસર તે દરખાસ્ત લાવવામાં આવી હોય તે કારણો લેખિતમાં જણાવવા જોઈશે.

(૩) સદરહુ દરખાસ્ત ઉપર વિચારણા કરતા પહેલાં, બોર્ડે સંબંધિત કોલેજના પ્રિન્સિપાલને, જે કારણોસર તે કરવામાં આવી હોય તે કારણોના, નિવેદનની અને દરખાસ્તની એક નકલ મોકલી

આપવી જોઈશે અને તે સાથે એવી સૂચના મોકલવી જોઈશે કે તે સુચનામાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર કોલેજ તરફથી સાદર કરવામાં આવેલી કોઈ પણ લેખિત રજૂઆત ઉપર બોર્ડ વિચારણા કરશે:

પરંતુ બોર્ડ તેવી રીતે નિર્દિષ્ટ કરેલી મુદત, જરુર જણાય તો લંબાવી શકશે.

(૪) રજુઆત મળ્યે અથવા પેટા-કલમ (૩) માં નિર્દિષ્ટ કરેલી મુદત પૂરી થયે, બોર્ડ, દરખાસ્તની નોટિસ, નિવેદન અને રજૂઆત વિચારણામાં લીધા પછી અને આ અર્થે બોર્ડે અધિકૃત કરેલ કોઈપણ સક્ષમ વ્યકિત અથવા વ્યકિતઓ દ્વારા આવી તપાસ કરાવ્યા પછી અને પોતાને જરુરી લાગે તેવી વધુ તપાસ કર્યા પછી અને એકેડેમિક કાઉન્સિલ સાથે વિચારવિનિમય કર્યા પછી, તે બાબતમાં તેનો અભિપ્રાય નોંધશે:

પરંતુ જોડાણથી મળેલા હકો પાછા ખેંચી લેવા અથવા તેમાં ફેરફાર કરવા સંબંધી એકેડેમિક કાઉન્સિલના મંતવ્યો, બોર્ડને સ્વીકાર્ય ન હોય ત્યારે, બોર્ડે, આવો ઠરાવ પસાર કરતા પહેલાં, પોતાની ટિપ્પણો સાથે કે તે વિના તે બાબત એકેડેમિક કાઉન્સિલ સમક્ષ ફરી મોકલવી જોઈશે અને એકેડેમિક કાઉન્સિલે તે બાબતમાં પોતાના મંતવ્યો બોર્ડને ફરી જણાવવા જોઈશે.

(૫) રજિસ્ટ્રાર, દરખાસ્ત અને એકેડેમિક કાઉન્સિલ અને તેને લગતી બોર્ડની તમામ કાર્યવાહીઓ હોય તો, તે રાજય સરકારને મોકલશે. જે પોતાને જરુર જણાય તેવી વધુ તપાસ હોય, તો તે કર્યા પછી, પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરશે અને તેની બોર્ડને જાણ કરશે.

(૬) પેટા-કલમ (૫) હેઠળ કરેલ હુકમથી, જોડાણથી કોઈ કોલેજને મળેલા હકો, સંપુર્ણ રીતે અથવા અંશતઃ રીતે પાછા ખેંચી લેવામાં આવે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે ત્યારે, એવી રીતે હકો પાછા ખેંચી લેવા માટેના અથવા તેમાં ફેરફાર કરવા માટેના કારણો, હુકમમાં જણાવવા જોઈશે.

(૭) એકેડેમિક કાઉન્સિલની ભલામણ ઉપરથી, બોર્ડ, સંલગ્ન કોલેજ તપાસ સમિતિના રિપોર્ટ અનુસાર અથવા અન્યથા જોડાણની શરતોનું પાલન કરવામાં વારંવાર કસૂર કરતી હોવાનું જણાયું હોય તે કોલેજની ગ્રાંટ અટકાવવાની અથવા ઘટાડવાની રાજય સરકારને ભલામણ કરી શકશે.

૩૭. (૧) કોઈ સંસ્થા તેની માન્યતાની શરતો પૈકીની કોઇ પણ શરતનું પાલન ન કરે અથવા શિક્ષણના હિતને બાધ આવે એવી રીતે તે સંસ્થા ચલાવવામાં આવે તો, માન્યતાને લીધે સંસ્થાને મળેલા હકો પાછા ખેંચી લઇ શકાશે અથવા કોઈ મુદત માટે મોકૂફ રાખી શકાશે. **માન્યતા પાછી ખેંચી લેવા બાબત.**

(૨) આવી માન્યતા પાછી ખેંચી લેવા અથવા મોકૂફ રાખવા બાબતની દરખાસ્ત ફકત બોર્ડમાં જ લાવી શકાશે. આવી દરખાસ્ત લાવવા માંગતા બોર્ડના સભ્યે, તે બાબતની નોટિસ આપવી જોઈશે અને જે કારણોસર દરખાસ્ત લાવવામાં આવી હોય તે કારણો લેખિતમાં જણાવવા જોઈશે.

(૩) સદરહુ દરખાસ્ત ઉપર વિચારણા કરતા પહેલાં, બોર્ડે, દરખાસ્તની નોટિસ અને જે આધાર પર તે કરવામાં આવી હોય તે આધારના લેખિત કારણોના નિવેદનની નકલ સંબધિત સંસ્થાના વડાને મોકલવી જોઈશે અને તે સાથે એવી સૂચના મોકલવી જોઈશે કે તે સુચનામાં નિર્દિષ્ટ કરેલ મુદતની અંદર તે સંસ્થા વતી કરવામાં આવેલી કોઈ પણ લેખિત રજૂઆત ઉપર બોર્ડ વિચારણા કરશે:

પરંતુ બોર્ડ, એવી રીતે નિર્દિષ્ટ કરેલ મુદત, જરુર જણાય તો લંબાવી શકશે.

(૪) રજૂઆત મળ્યે અથવા પેટા-કલમ (૩)માં ઉલ્લેખેલી મુદત પૂરી થયે, બોર્ડ, દરખાસ્તની નોટિસ, નિવેદન અને રજૂઆત પર વિચારણા કર્યા પછી અને આ અર્થે બોર્ડે અધિકૃત કરેલી કોઈ સક્ષમ વ્યકિત અથવા વ્યકિતઓએ આવી તપાસ કર્યા પછી અને પોતાને જરુરી જણાય તેવી વધુ તપાસ કર્યા પછી

અને એકેડેમિક કાઉન્સિલ સાથે વિચારવિનિમય કર્યા પછી, ઠરાવથી માન્યતા પાછી ખેંચી લઈ શકશે અથવા મોકૂફ રાખી શકશે.

## પ્રકરણ ૯

## અનુસ્નાતક અધ્યાપન માટે યુનિવર્સિટી વિસ્તારમાં સંગઠન

અનુસ્નાતક અધ્યાપન.

૩૮. યુનિવર્સિટી વિસ્તારમાં કૃષિ અને સંલગ્ન શાસ્ત્રોમાં અનુસ્નાતક શિક્ષણ અથવા ઠરાવવામાં આવે તેવી સંલગ્ન કોલેજો દ્વારા અને ઠરાવવામાં આવે તેવા વિષયોનું શિક્ષણ આપવામાં આવશે અને ચલાવવામાં આવશે અને કૃષિમાં સંશોધનનું માર્ગદર્શન અને વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમમાં માર્ગદર્શન આપવાનું યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવશે.

યુનિવર્સિટી વિસ્તારની અંદર અધ્યાપન.

૩૯. (૧) બોર્ડ એમ નક્કી કરી શકશે કે જેના સબંધમાં યુનિવર્સિટી પરીક્ષા લેવા સક્ષમ હોય તેવા કૃષિ અને સંલગ્ન શાસ્ત્ર અથવા કૃષિ સંશોધન અથવા વિસ્તરણ શિક્ષણના કાર્યક્રમોમાં તમામ શિક્ષણ, યુનિવર્સિટી વિસ્તારની અંદર, યુનિવર્સિટી વતી યુનિવર્સિટીના અધ્યાપકોએ આપવું જોઈશે, હાથ ધરવું જોઈશે અને બોર્ડે, તેના નિર્ણયની જાણ રાજ્ય સરકારને કરવી જોઇશે.

(૨) પેટા–કલમ (૧) હેઠળ જાણ થયે, રાજ્ય સરકાર, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, રાજપત્રમાં જાહેરનામાથી એવું જાહેર કરી શકશે કે કલમ ૪૦ની જોગવાઈઓ જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી તારીખે અમલમાં આવશે.

અંગભૂત કોલેજો.

૪૦. (૧) કલમ ૬૬ ની પેટા–કલમ (૧) ના ખંડ (ગ) હેઠળ અંગભૂત કોલેજ બની હોય તેવી તમામ કોલેજો અને આમાં હવે પછી યુનિવર્સિટી કોલેજો બની શકશે તેવી યુનિવર્સિટી વિસ્તારની અંદરની તમામ કોલેજો, યુનિવર્સિટીની અંગભૂત કોલેજો ગણાશે.

(૨) કૃષિ અને સંલગ્ન શાસ્ત્રમાં શિક્ષણ આપતી અથવા કૃષિમાં સંશોધન કરતી અને માર્ગદર્શન આપતી અથવા વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમ કરતી અને માર્ગદર્શન આપતી અને યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી કોઈપણ શૈક્ષણિક સંસ્થા, યુનિવર્સિટીની સંમતિ સિવાય અને રાજ્ય સરકારની મંજૂરી સિવાય, કાયદાથી સ્થાપાયેલ બીજી કોઈપણ યુનિવર્સિટી સાથે કોઈપણ રીતે જોડાઈ શકશે નહિ અથવા તેના કોઈપણ વિશેષાધિકારો મેળવી શકશે નહિ.

(૩) યુનિવર્સિટી વિસ્તારની અંદરની અંગભૂત કોલેજોના સબંધોનું તે અર્થે કરવાના સ્ટેચ્યુટથી સંચાલન થશે અને એવા સ્ટેચ્યુટથી, ખાસ કરીને અંગભૂત કોલેજોના સંબંધમાં યુનિવર્સિટી દ્વારા નીચેની સત્તા વાપરવા માટે જોગવાઈ કરી શકાશે:–

(૧) એવી કોલેજોમાં કામે રખાયેલા અધ્યાપકો અને શૈક્ષણિક સ્ટાફના જુદા જુદા વર્ગો માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત અને તેમની નોકરીની શરતો ઠરાવવાની ;

(૨) એવી કોલેજોએ કરેલી અધ્યાપકોની નિમણૂકોને મંજૂરી આપવાની ;

(૩) એવી દરેક કોલેજને યુનિવર્સિટી વતી અધ્યાપન માટે કોઈપણ વિષય માટેના માન્ય કરેલા અધ્યાપકો ઠરાવેલી સંખ્યામાં પૂરા પાડવા ફરમાવવાની ;

એવી કોલેજે અધ્યાપન અને સંશોધન માટે ગ્રંથાલયો, પ્રયોગશાળાઓ અને બીજી સાધનસામગ્રીના સબંધમાં પૂરી પાડેલી સગવડો અને કરેલા ખર્ચનું સંકલન અને નિયમન કરવાની;

(૪) આવી કોલેજોને, જરૂરી હોય, ત્યારે વિદ્યાર્થીઓની નોંધણી અમુક વિષયો પૂરતી જ મર્યાદિત રાખવાનું જણાવવાની ;

(૫) આવી કોલેજો સંસ્થાઓ પાસેથી ફાળો લેવાની અને તેમને ગ્રાન્ટ આપવાની, અને

(૬) આવી કોલેજોના શિક્ષણકાર્ય અને તેવા જ બીજા કાર્ય માટે સંતોષકારક ગોઠવણ કરવા ફરમાવવાની અને વખતોવખત એવી ગોઠવણની તપાસ કરવાની:

પરંતુ એકેડેમિક કાઉન્સિલે કરવાના વિનિયમોથી ઠરાવવામાં આવે એ રીતે કોઈ અંગભૂત કોલેજે શિક્ષણથી અથવા અન્ય પ્રશિક્ષણથી, અધ્યાપન અથવા તાલીમ દ્વારા કૃષિમાં અને સંલગ્ન શાસ્ત્રોમાં કૃષિ સંશોધન અથવા વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમમાં આવા શિક્ષણ માટે પૂરક જોગવાઇ કરવી જોઈશે.

(૫) સ્ટેચ્યુટની જોગવાઈઓને અધીન રહીને, એકેડેમિક કાઉન્સિલે, શિક્ષણ, સંશોધન અથવા વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમ ગોઠવવા જોઇશે અને તેનું સંકલન કરવું જોઈશે.

## પ્રકરણ ૧૦

## સમિતિઓ

૪૧. (૧) ટ્યુટરો(શિક્ષકો) અને ડેમોન્સ્ટ્રેટરો(નિદર્શકો) સહિત, યુનિવર્સિટીના જુદા જુદા વર્ગના પૂર્ણકાલિક અધ્યાપકોની પસંદગી કરવા માટે સમિતિઓ રહેશે. **યુનિવર્સિટી અધ્યાપકોની પસંદગી માટેની સમિતિઓ.**

(૨) સમિતિની ભલામણ સિવાય કોઈપણ વ્યકિતને, યુનિવર્સિટીના પૂર્ણકાલિક અધ્યાપક તરીકે નીમી શકાશે નહિ.

(૩) આવી સમિતિની રચના, તેના સભ્યોના હોદ્દાની મુદત અને તેણે અનુસરવાની કાર્યરીતિ, ઠરાવવામાં આવે તેવા રહેશે.

૪૨. (૧) યુનિવર્સિટીમાં પરિક્ષકોની નિમણુંક કરવા માટેની યાદી તૈયાર કરવાના હેતુ માટે દરેક વિધાશાખા માટે દર વર્ષે એક સમિતિ રચવામાં આવશે, જે નીચેનાની બનશે:– **પરિક્ષક સમિતિ.**

(૧) સબંધિત વિધાશાખાના ડીન, હોદ્દાની રૂએ, અધ્યક્ષ,

(૨) અભ્યાસ બોર્ડના અધ્યક્ષ, અને

(૩) તે વર્ષ માટે કુલપતિએ નામનિયુક્ત કરેલ અભ્યાસ બોર્ડના બે સભ્યો.

(૨) સમિતિએ તૈયાર કરેલ પરિક્ષકોની યાદી,કુલપતિની મંજૂરી માટે તેમની સમક્ષ એકેડેમિક કાઉન્સિલ મારફત મૂકવી જોઇશે, જેઓ તે મંજૂર કરી શકશે અથવા લેખિતમા કારણોની નોંધ કરીને તેમાં ફેરફાર કરી શકશે.

(૩) સમિતિએ અનુસરવાની કાર્યરીતિ, ઠરાવવામાં આવે તેવી રહેશે.

૪૩. એક તપાસણી સમિતિ રહેશે, જે કુલપતિએ અધ્યક્ષ તરીકે નામનિયુકત કરેલ વ્યકિત, અને સ્ટેચ્યુટ અનુસાર બોર્ડ નીમે તેવા બીજા બે સભ્યોની બનશે. **તપાસણી સમિતિ.**

કોલેજ વિકાસ સમિતિ.

૪૪. (૧) યુનિવર્સિટી વિસ્તારમાં કોલેજના વિકાસના હેતુ માટે કોલેજ વિકાસ સમિતિ રહેશે.

(૨) આવી સમિતિની રચના, તેના સભ્યોના હોદ્દાની મુદત અને તેણે અનુસરવાની કાર્યરીતિ, ઠરાવવામાં આવે તેવા રહેશે.

અન્ય સમિતિઓ.

૪૫. (૧) કલમ ૧૭ માં ઉલ્લેખેલ યુનિવર્સિટીનાં અધિકારી મંડળો પૈકી કોઈ અધિકારી મંડળ વખતોવખત તેના સભ્યોમાંથી પોતાને યોગ્ય લાગે તેટલી વ્યક્તિઓની બનેલી બીજી સમિતિઓ નીમી શકશે અને અધિકારી મંડળે હાથ ધરેલી કોઈપણ બાબત વિષે તપાસ કરવા અને રિપોર્ટ આપવા અથવા અભિપ્રાય માટે તે બાબત, તેને લખાણ કરી શકશે અથવા તેને સોંપી શકશે અને કોઈપણ સમયે આવી કોઈ સમિતિ બંધ કરી શકશે અથવા તેની રચનામાં ફેરફાર કરી શકશે.

(૨) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, પણ નિમણૂંક કરનાર અધિકારી મંડળની મંજૂરીને અધીન રહીને પેટા-કલમ (૧) હેઠળ નિમાયેલી સમિતિ, પોતાને યોગ્ય લાગે તેટલી, નિમણૂક કરનાર અધિકારી મંડળના સભ્યો ન હોય તેવી વ્યક્તિઓને પોતાના સભ્યો તરીકે કો–ઓપ્ટ કરે, તો તે કાયદેસર ગણાશે.

## પ્રકરણ ૧૧

## નાણાં

યુનિવર્સિટી ફંડ.

૪૬. (૧) યુનિવર્સિટી, "યુનિવર્સિટી ફંડ" નામનું એક ફંડ સ્થાપશે.

(૨) યુનિવર્સિટી ફંડ નીચેનાનું બનશે અથવા તે ફંડમાં નીચેનું આપી શકાશે:–

(ક) રાજ્ય સરકાર તરફથી મળેલ કોઈપણ ફાળો અથવા ગ્રાન્ટ,

(ખ) ફી અને ચાર્જમાંથી થતી આવક સહિત બધા સાધનોમાંથી યુનિવર્સિટીની આવક,

(ગ) વસિયતીદાન, દાન, દેણગી અને બીજી ગ્રાન્ટ હોય તો, તે.

સન ૧૯૭૦નો ૫મો.
સન ૧૯૮૦નો ૪૦મો.
સન ૧૮૮૨નો ૨જો.

(૩) યુનિવર્સિટી ફંડ, બેન્કીંગ કંપની (અન્ડરટેકિંગનું સંપાદન અને તબદીલી) અધિનિયમ, ૧૯૭૦ ની પહેલી અનુસૂચિના કોલમ ૨ માં અને બેન્કીંગ કંપની (અન્ડરટેકિંગનું સંપાદન અને તબદીલી) અધિનિયમ, ૧૯૮૦ ની પહેલી અનુસૂચિના કોલમ ૨ માં નિર્દિષ્ટ કરેલ અને રાજ્ય સરકારે તે હેતુ માટે મંજૂર કરેલી તેના જેવી કોઈપણ નવી બેન્કમાં રાખવા જોઈએ અથવા ભારત ટ્રસ્ટ અધિનિયમ, ૧૮૮૨ થી અધિકૃત કરેલી જામીનગીરીઓમાં બોર્ડની વિવેકબુધ્ધિ મુજબ રોકાણ કરવું જોઈએ.

ગ્રાન્ટ.

૪૭. રાજ્ય સરકારે આ અર્થે રાજ્ય વિધાનમંડળે કાયદાથી કરેલી યોગ્ય ફાળવણી પછી દરેક વર્ષમાં યુનિવર્સિટીને ગ્રાન્ટ આપવા માટે નીચે પ્રમાણે જોગવાઈ કરવી જોઈશે :-

(ક) સ્ટાફના પગાર અને ભથ્થાં, આકસ્મિક અને યુનિવર્સિટીની સેવા અંગે અંદાજિત ચોખ્ખા ખર્ચ કરતાં ઓછી ન હોય તેટલી રકમની ગ્રાન્ટ.

(ખ) યુનિવર્સિટીની યોગ્ય કામગીરી માટે રાજ્ય સરકાર જરૂરી ગણે તેવા આવર્તક અને અનાવર્તક ખર્ચની વધારાની બાબતોને પહોંચી વળવા માટેની ગ્રાન્ટ.

વાર્ષિક હિસાબો અને નાણાંકીય અંદાજો.

૪૮. (૧) યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો, બોર્ડના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવા જોઈશે.

(૨) ઉપલબ્ધ થવાનો સંભવ હોય તેવી સરકારી ગ્રાન્ટને ધ્યાનમાં રાખીને બોર્ડે આગામી વર્ષ માટેના નાણાંકીય અંદાજો ઠરાવવામાં આવે તેવી તારીખ પહેલાં તૈયાર કરવા જોઈશે.

(૩) બોર્ડે વાર્ષિક બેઠકમાં વાર્ષિક હિસાબો અને નાણાંકીય અંદાજોની વિચારણા કરવી જોઈશે અને હિસાબો અને નાણાંકીય અંદાજો સ્વીકારતો ઠરાવ કરવો જોઈશે.

(૪) એવી રીતે સ્વીકારેલ વાર્ષિક હિસાબો, ઓડિટ માટે રાજય સરકારને સાદર કરવા જોઈશે.

(૫) (ક) બોર્ડે, હિસાબો ઓડિટ થાય પછી, ઓડિટ રિપોર્ટની નકલ અને ઓડિટ રિપોર્ટ ઉપર યુનિવર્સિટીએ લીધેલ પગલાના નિવેદન સાથે તેની એક નકલ રાજય સરકાર સમક્ષ સાદર કરવી જોઈશે.

(ખ) રાજય સરકાર, હિસાબોની નકલ અને ઓડિટ રિપોર્ટ ઉપર યુનિવર્સિટીએ લીધેલ પગલાંના નિવેદન સામે ઓડિટ રિપોર્ટો, રાજય વિધાનમંડળ સમક્ષ મૂકાવડાવશે.

૪૯. (૧) યુનિવર્સિટીનો વાર્ષિક રિપોર્ટ, ઠરાવવામાં આવે તેવી તારીખે અથવા તે પહેલાં, બોર્ડના આદેશ હેઠળ તૈયાર કરવો જોઈશે અને બોર્ડે તેની વાર્ષિક બેઠકમાં તેની વિચારણા કરવી જોઈશે. વાર્ષિક રિપોર્ટ.

(૨) બોર્ડ, તેના પર પોતાને યોગ્ય લાગે તેવો ઠરાવ પસાર કરી શકશે અને તેવા પગલાં લઈ શકશે.

## પ્રકરણ ૧૨

## પૂરક જોગવાઈઓ

૫૦. (૧) કોલેજના અધ્યાપકીય, બીજા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફના સભ્યને એવી કોઈ તપાસ કે જેમાં એવા કોઈ સભ્યોને તેની સામેના ચાર્જની જાણ કરવામાં આવી હોય અને તે ચાર્જના સંબંધમા સુનાવણીની વાજબી તક આપવામાં આવી હોય તે સિવાય, અને તેને કરવાની શિક્ષા, કુલપતિએ અથવા આ અર્થે કુલપતિએ અધિકૃત કરેલ યુનિવર્સિટીના બીજા કોઈપણ અધિકારીએ મંજૂર કરી હોય તે સિવાય, બરતરફ અથવા દૂર કરી શકાશે નહિ અથવા પાયરીમાંથી ઉતારી શકાશે નહિ. કોલેજના સ્ટાફને બરતરફ કરવા, દૂર કરવા, પાયરી ઉતારવા તથા તેની નોકરી સમાપ્ત કરવા બાબત.

(૨) આવા સભ્યની પેટા-કલમ(૧) હેઠળ આવતી બરતરફી અથવા તેને દૂર કરવામાં પરિણમતી ન હોય તેવી નોકરીની સમાપ્તિ,–

(ક) સૂચિત સમાપ્તિ સામે કારણ દર્શાવવાની વાજબી તક તેને આપવામાં આવી ન હોય, અને

(ખ) કુલપતિએ અથવા આ અર્થે કુલપતિએ અધિકૃત કરેલ યુનિવર્સિટીના કોઈ અધિકારીએ આવી સમાપ્તિ મંજૂર કરી ન હોય,

તો કાયદેસર ગણાશે નહિઃ

પરંતુ આ પેટા-કલમમાંનો કોઈપણ મજકૂર, ફકત અજમાયશ ઉપર અથવા હંગામી મુદત માટે નિમાયેલી કોઈ વ્યકિતને લાગુ પડશે નહિ.

(૩) (ક) પેટા–કલમ (૧) હેઠળ બરતરફી, દૂર કરવા અથવા પાયરી ઉતારના અથવા પેટા–કલમ (૨) હેઠળ નોકરી સમાપ્ત કરવાના હુકમ ઉપરની અપીલ, આવા હુકમની જાણ થયાની તારીખથી નેવું દિવસની અંદર, રાજય સરકારને કરવી જોઈશે અને આવી અપીલમાંનો રાજય સરકારનો નિર્ણય, આખરી ગણાશે અને કોઈપણ દીવાની કોર્ટમાં તેની સામે વાંધો ઉઠાવી શકાશે નહિઃ

પરંતુ અપીલ કરનાર રાજય સરકારને એવી ખાતરી કરાવે કે આવી મુદતની અંદર અપીલ ન કરવા માટે પૂરતું કારણ હતું, તો રાજય સરકાર આ કલમ હેઠળ જણાવેલી મુદત મર્યાદા પછી કોઈપણ અપીલ દાખલ કરી કરશે.

(ખ) ખંડ (ક) માં જણાવેલી મુદતની ગણતરી કરતી વખતે, મુદત અધિનિયમ, ૧૯૬૩ ની કલમો ૪ અને ૧૨ ની જોગવાઈઓ શક્ય હોય તેટલે સુધી લાગુ પડશે. સન ૧૯૬૩નો ૩૬મો.

પેન્શન, વીમો અને પ્રોવિડન્ટ ફંડ.

૫૧. યુનિવર્સિટીએ, વીમા, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની બાબતમાં પોતાના અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓના લાભ માટે અથવા પોતાને યોગ્ય લાગે તેવા બીજા લાભો માટે સ્ટેચ્યુટોથી ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી રીતે શરતોને અધીન રહીને પૂરતી જોગવાઈ કરવી જોઈશે.

પ્રોવિડન્ટ ફંડ સરકારી તેજોરીમાં અનામત મૂકવા બાબત.

૫૨. (૧) યુનિવર્સિટીએ કલમ ૫૧ હેઠળ પોતાના અધિકારીઓ, અધ્યાપકો અને અન્ય કર્મચારીઓના લાભાર્થે પ્રોવિડન્ટ ફંડ સ્થાપ્યું હોય, તો, એવા ફંડનાં નાણાં, તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર લેખિત હુકમથી વખતોવખત આપે તેવા આદેશો અનુસાર રાજ્ય સરકારની તિજોરીમા અનામત મૂકવાના રહેશે અને તેમ થયે,–

(૧) રાજ્ય સરકારનો કર્મચારી જે દરે પોતાના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંની સિલક ઉપર વ્યાજ માટે જે તે સમયે હકદાર થાય તે જ દરે ફંડનો બચતદાર, પોતાના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંથી સિલક ઉપર વ્યાજ માટે હકદાર રહેશે, અને

(૨) આવા સરકારી કર્મચારીને લાગુ પડતા પ્રોવિડન્ટ ફંડમાંથી પૈસા ઉપાડવા અંગેની મર્યાદાને લગતા, તે સમયે અમલમાં હોય તેવા નિયમો, શક્ય હોય તેટલે સુધી બચતદારને લાગુ પડશે.

(૨) આ કલમમાંનો કોઈપણ મજકૂર જેને કર્મચારી પ્રોવિડન્ટ ફંડ અને પ્રકીર્ણ જોગવાઇઓ અધિનિયમ, ૧૯૫૨ લાગુ પડતો હોય તેવા, યુનિવર્સિટી દ્વારા સ્થાપિત પ્રોવિડન્ટ ફંડને લાગુ પડશે નહિ. સન ૧૯૫૨નો ૧૯મો.

અધિકારીઓ અને કર્મચારીઓ રાજ્ય સેવકો ગણાશે.

૫૩. યુનિવર્સિટીનો દરેક અધિકારી અને કર્મચારી, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ ના અર્થ મુજબ રાજ્ય સેવક ગણાશે. સન ૧૮૬૦નો ૪૫મો.

*સ્પષ્ટીકરણ:–* આ કલમના હેતુઓ માટે, યુનિવર્સિટીએ નિર્દિષ્ટ મુદત માટે અથવા યુનિવર્સિટીના નિર્દિષ્ટ કામ માટે જેની નિમણૂક કરી હોય અથવા કરેલ કોઈ કામ માટે જેને યુનિવર્સિટીના ફંડમાંથી વળતર ભથ્થુ અથવા ફી પેટે મહેનતાણું મળતું હોય તે કોઈપણ વ્યક્તિ, આવી નિમણૂક અથવા કાર્ય સાથે સંકળાયેલ ફરજો અને કાર્યો બજાવતી હોય ત્યારે તેની બજવણીને લગતી તમામ બાબતોના સંબંધમાં, યુનિવર્સિટીના અધિકારી અથવા કર્મચારી ગણાશે.

હોદ્દો ખાલી કરવા બાબત.

૫૪. (૧) યુનિવર્સિટીના અધિકારીમંડળ અથવા મંડળના કોઈપણ સભ્ય, રજિસ્ટ્રાર મારફતે કુલપતિને સંબોધીને પત્ર દ્વારા પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે અને કુલપતિ તે રાજીનામું સ્વીકાર્યે આવા સભ્યોનો હોદ્દો ખાલી પડશે.

(૨) યુનિવર્સિટીના કોઈપણ અધિકારી મંડળ અથવા મંડળના સભ્યપદ પરથી કોઈપણ વ્યક્તિને બોર્ડ એવા કારણે દૂર કરી શકશે કે આવા સભ્યને, બોર્ડના અભિપ્રાય મુજબ, નૈતિક અધ:પતનના ગુના માટે કાયદાની કોર્ટે દોષિત ઠરાવ્યો હોય:

પરંતુ આવી વ્યક્તિને સુનાવણીની વાજબી તક આપ્યા સિવાય તેને દૂર કરવાનો કોઈ હુકમ કરી શકાશે નહી.

(૩) પેટા-કલમ (૨) ની જોગવાઈઓને અધીન રહીને, યુનિવર્સિટીના અધિકારીમંડળ અથવા મંડળના કોઇ સભ્ય, યુનિવર્સિટી હોય કે ન હોય તેવા બીજા મંડળના પ્રતિનિધિ તરીકે હોય તે વ્યકિત, જેટલે

સુધી, તે અધિકારીમંડળ અથવા મંડળ ચાલુ હોય તેટલે સુધી અને ત્યાર પછી તેના અનુગામીની યોગ્ય રીતે નિમણૂક કરવામાં ન આવે ત્યાં સુધી યુનિવર્સિટી અધિકારી મંડળ અથવા મંડળમાં પોતાની બેઠક જાળવી રાખશે.

૫૫. યુનિવર્સિટીના કોઈ અધિકારી મંડળ કે બીજા મંડળના (હોદ્દાની રૂએ સભ્ય હોય તે સિવાય) સભ્યનો હોદ્દો, એવા સભ્યના હોદ્દાની મુદત પુરી થાય તે પહેલાં ખાલી પડે તો તેવી જગા જેમ બને તેમ જલદી, કોઈ એક સભ્યને નામનિયુક્ત કરીને, નીમીને અથવા યથાપ્રસંગ, તેને કો–ઓપ્ટ કરીને પૂરવી જોઈશે અને તે સભ્ય, પોતે જે સભ્યને બદલે નામનિયુક્ત થયેલો, નિમાયેલો અથવા કો–ઓપ્ટ થયેલો હોય તે સભ્ય, જો તે જગા ખાલી પડી ન હોત, તો જેટલો સમય હોદ્દો ધરાવત તેટલા સમય સુધી જ તે હોદ્દો ધરાવશે. પ્રાસંગિક ખાલી જગા ભરવા બાબત.

૫૬. યુનિવર્સિટીના કોઈપણ અધિકારીમંડળ અથવા બીજા મંડળનું કોઈપણ કાર્ય કે કાર્યવાહી, તેના સભ્યપદની કોઈ જગ્યા ખાલી પડી હોવાના કારણ માત્રથી અથવા અધિકારીમંડળ અથવા બીજા મંડળની કાર્યવાહીમાં ભાગ લેતી હોય તેવી વ્યક્તિ, જે પાછળથી તેમ કરવા માટે હકદાર ન હોવાનું જણાતું હોય તે કારણે અમાન્ય ગણાશે નહિ. જગા ખાલી પડવાને લીધે કાર્યવાહી અમાન્ય ગણાશે નહિ.

૫૭. જયારે – યુનિવર્સિટીના અધિકારીમંડળ અથવા મંડળની રચના સંબંધી તકરારો.

(૧) આ અધિનિયમ અથવા કોઈપણ સ્ટેચ્યુટ અથવા વિનિયમની કોઈ પણ જોગવાઈના અર્થઘટન સંબંધી, અથવા

(૨) કોઈપણ વ્યકિત, યુનિવર્સિટીના કોઈપણ અધિકારીમંડળ અથવા બીજા મંડળના સભ્ય તરીકે યોગ્ય રીતે નિમાયેલ છે કે કેમ અથવા તે તરીકે હકદાર છે કે કેમ અથવા તે તરીકે હકદાર હોતી બંધ થઈ છે કે કેમ તે સંબંધી,

કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થાય, ત્યારે–

(ક) ખંડ (૧) માં નિર્દિષ્ટ કરેલી બાબતને લગતો હોય તે પ્રશ્ન હોય તો રાજય સરકારને મોકલી શકાશે, અને

(ખ)(૧) જો તે ખંડ (૨) માં નિર્દિષ્ટ કરેલી બાબતને લગતો હોય તો, અથવા

(૨) બોર્ડના ચાર સભ્યો એવી રીતે ફરમાવે તો,

ખંડ(૧) અથવા ખંડ(૨) માં નિર્દિષ્ટ કરેલ બાબતને લગતો હોય કે ન હોય તેને ધ્યાનમાં લીધા સિવાય રાજય સરકારને નિર્ણયાર્થે મોકલી શકાશે અને રાજય સરકાર, (જરૂર હોય ત્યારે સુનાવણીની તક આપવા સહિત) પોંતાને યોગ્ય જણાય તેવી તપાસ કર્યા પછી, એ પ્રશ્નનો નિર્ણય કરશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

૫૮. યુનિવર્સિટીએ અથવા તેના કોઈ અધિકારી મંડળોએ, મંડળોએ અથવા અધિકારીઓએ શુધ્ધબુધ્ધિથી કરેલ તમામ કાર્યો અને હુકમો આખરી ગણાશે અને અધિનિયમ અને તે હેઠળ ઘડેલ સ્ટેચ્યુટ અને વિનિયમો અનુસાર કર્યુ હોવાનું અભિપ્રેત હોય તેવા કોઈ કાર્ય માટે યુનિવર્સિટી અથવા તેના અધિકારી મંડળો, મંડળો અથવા અધિકારીઓ સામે કોઈ દાવો માંડી શકાશે નહિ અથવા તેમની પાસેથી કોઈપણ નુકસાન માંગી શકાશે નહિ. કાર્યો અને હુકમોનું રક્ષણ.

## પ્રકરણ ૧૩

## વચગાળાની જોગવાઈઓ

ગુજરાત કૃષિ યુનિવર્સિટીને સંલગ્ન કોલેજોમાંના વિદ્યાર્થીઓના અભ્યાસક્રમો પૂરા કરવા બાબત.

૫૯. આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા સ્ટેચ્યુટો અથવા વિનિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી કોલેજોના જે કોઈ વિદ્યાર્થી, જે તારીખે કલમ ૪ અમલમાં આવી હતી તે તારીખની તરત અગાઉ ગુજરાત કૃષિ યુનિવર્સિટીની કોઈ પરીક્ષામાં બેસવા માટે ભણતો હતો અથવા તે પરીક્ષામાં બેસવા માટે લાયક હોય તેને તે માટે તૈયાર કરવા માટે પોતાનો અભ્યાસક્રમ પુરો કરવાની પરવાનગી આપવી જોઈશે અને તે યુનિવર્સિટી વિસ્તાર માટેની યુનિવર્સિટી, ગુજરાત કૃષિ યુનિવર્સિટીના અભ્યાસક્રમ અનુસાર એવા વિદ્યાર્થીઓના પ્રશિક્ષણ, અધ્યાપન, તાલીમ અને પરીક્ષા માટે સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેટલી મુદત સુધી અને તેવી રીતે જોગવાઇ કરવી જોઇશે.

પ્રથમ કુલપતિની નિમણુંક.

૬૦. કલમ ૧૦ માં ગમે તે મજકૂર હોય તે છતાં, પ્રથમ કુલપતિની નિમણૂક, આ અધિનિયમના આરંભની તારીખ પછી વધુમાં વધુ બે વર્ષની મુદત માટે અને પોતાને યોગ્ય લાગે તેવી બોલીઓ અને શરતોએ રાજ્ય સરકાર જેમ બને તેમ જલદી કરશે.

પ્રથમ રજિસ્ટ્રારની નિમણૂક.

૬૧. કલમ ૧૫ માં ગમે તે મજકૂર હોય તે છતાં પ્રથમ રજિસ્ટ્રારની નિમણૂક, આ અધિનિયમના આરંભની તારીખ પછી વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત માટે અને પોતાને યોગ્ય લાગે તે શરતોએ રાજ્ય સરકાર જેમ બને તેમ જલદી કરશે.

પ્રથમ કુલપતિની વચગાળાની સત્તા.

૬૨. (૧) પોતાની નિમણુંકની તારીખ પછી છ મહિનાની અંદર અથવા રાજ્ય સરકાર, સરકારી રાજપત્રમાં જાહેરનામાથી આદેશ કરે તેટલી વધુમાં વધુ એક વર્ષની મુદતની અંદર એકેડેમિક કાઉન્સિલ અને બોર્ડ સિવાયના યુનિવર્સિટીના અધિકારીમંડળોની રચના માટે ગોઠવણ કરવાની પ્રથમ કુલપતિની ફરજ રહેશે.

(૨) પ્રથમ કુલપતિએ રાજ્ય સરકારે નિયુકત કરેલ પંદર સભ્યો કરતા વધુ ન હોય તેટલા સભ્યોની સલાહકાર સમિતિની મદદથી,–

(ક) આ અધિનિયમની જોગવાઈઓ અને કુલાધિપતિની મંજુરીને અધીન રહીને,–

(૧) યુનિવર્સિટીના અધિકારીમંડળો રચવા માટે અને તેમની બેઠકોમાં કાર્યરીતિનું નિયમન કરવા માટે અને તેમનું કામકાજ ચલાવવા માટે જરૂરી કામચલાઉ સ્ટેચ્યુટો કરશે.

(૨) અધિકારીમંડળોની રચનાની પધ્ધતિનું નિયમન કરવા માટે જરૂરી હોય તેવા નિયમો ઘડી કાઢશે.

(ખ) આ અધિનિયમ હેઠળ પ્રથમ સ્ટેચ્યુટો અને વિનિમયો ઘડશે અને સંબંધિત અધિકારીમંડળો પોતાના કાર્યો બજાવવાનું શરૂ કરે ત્યારે બહાલી માટે તેમને તે સાદર કરશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ રચાયેલા અધિકારીમંડળો રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી આદેશ કરે તેવી તારીખે કે તારીખોએ તેમના કાર્યો બજાવવાનું શરૂ કરશે.

(૪) પ્રથમ કુલપતિએ ઘડેલા સ્ટેચ્યુટ અને વિનિયમોને સંબંધિત અધિકારીમંડળો તેને બહાલી આપે, ત્યારે રાજપત્રમાં પ્રસિધ્ધ કરવા જોઈશે.

૬૩.(૧) આ અધિનિયમનો પસાર થયા પછી કોઈ સમયે યુનિવર્સિટીના અધિકારીમંડળો તેમના કાર્યો બજાવવાનું શરૂ કરે નહી તે સમય સુધી,– યુનિવર્સિટીના અધિકારીઓ અને અધ્યાપકોની પ્રથમ નિમણૂક.

(ક) કુલાધિપતિની અગાઉથી મંજૂરી મેળવીને કુલપતિ, યુનિવર્સિટીનો કોઈ પણ અધિકારી નીમી શકશે.

(ખ) કુલપતિ, કૃષિ નિયામક અને કુલાધિપતિને તેમની સાથે રાખવા પોતાને યોગ્ય લાગે તેવી બીજી વ્યકિત અથવા વ્યકિતઓ, હોય તો, તેમની બનેલી સલાહકાર સમિતિની ભલામણો વિચારણામાં લીધા પછી, કુલાધિપતિ યુનિવર્સિટીના અધ્યાપકો નીમી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલી કોઈ નિમણૂક વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત માટે અને નિમણૂક અધિકારીને યોગ્ય લાગે તે શરતોએ કરવામાં આવશે :

પરંતુ તે માટે નાણાંકીય જોગવાઈ કરવામાં આવે નહી ત્યાં સુધી આવી કોઈ નિમણૂક કરી શકાશે નહી.

૬૪. બોર્ડ પોતાના કાર્યો બજાવવા શરૂ કરે નહિ ત્યાં સુધી, કલમ ૬૦ હેઠળ નીમાયેલા પ્રથમ કુલપતિને નીચેની સત્તા રહેશેઃ– પ્રથમ કુલપતિની અસાધારણ સત્તા.

(ક) કુલાધિપતિની અગાઉથી મંજૂરી લઈને, પ્રથમ સ્ટેચ્યુટથી જોગવાઈ નહિ કરેલી કોઈ બાબત માટે જોગવાઈ કરવા માટે વધારાના સ્ટેચ્યુટ કરવાની,

(ખ) કામચલાઉ અધિકારીમંડળો અને મંડળો રચવાની અને તેમની ભલામણ ઉપરથી યુનિવર્સિટીના કાર્યસંચાલન કરતા નિયમો કરવાની;

(ગ) રાજય સરકારના નિયંત્રણને અધીન રહીને, આ અધિનિયમ અથવા તેના કોઈ ભાગને અમલમાં મુકવા જરૂરી હોય તેવી નાણાંકીય વ્યવસ્થા કરવાની,

(ઘ) કુલાધિપતિની મંજૂરી લઈને, આ અધિનિયમ અથવા તેનો કોઈ ભાગને અમલમાં મૂકવા જરૂરી એવી નિમણૂકો વધુમાં વધુ ત્રણ વર્ષ સુધીની મુદત માટે કરવાની,

(ચ) તે આદેશ કરે તેવા તેના કાર્યો બજાવવા માટે તેને યોગ્ય લાગે તેવી કોઈ સમિતિ નીમવાની, અને

(છ) સામાન્ય રીતે આ અધિનિયમની જોગવાઈઓથી અથવા તે હેઠળ બોર્ડને સોંપેલી તમામ સત્તા અથવા તે પૈકી કોઈ સત્તા વાપરવાની.

## પ્રકરણ ૧૪

## પ્રકીર્ણ

૬૫. (૧) આ અધિનિયમ અમલમાં આવ્યા પછી અથવા અન્યથા આ અધિનિયમની જોગવાઈઓને પ્રથમ અમલમાં લાવવામાં, યુનિવર્સિટીના કોઈપણ અધિકારીમંડળની પ્રથમ રચના અથવા ફેરરચના સંબંધી કોઈ મુશ્કેલી ઉભી થાય તો, રાજય સરકાર, સરકારી રાજપત્રમાં હુકમ પ્રસિધ્ધ કરીને, મુશ્કેલી દૂર મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

કરવા માટે જરૂરી અથવા ઈષ્ટ હોવાનું જણાય તેવી આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરી શકશે:

પરંતુ આ કલમ હેઠળ આ અધિનિયમના આરંભથી ત્રણ વર્ષ પૂરા થયા પછી આવો કોઈ હુકમ કરી શકાશે નહિ.

(૨) આ કલમ હેઠળ કરેલો દરેક હુકમ તે કર્યા પછી, જેમ બને તેમ જલદી, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઈશે.

ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૬૯ રદ કરવા બાબત.

૬૬. (૧) રાજ્ય સરકાર સરકારી રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અને તે તારીખથી (જેનો આમાં હવે પછી " નિયત દિવસ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૬૯ રદ થયેલો ગણાશે અને નીચેના પરિણામો આવશે, એટલે કે

સન ૧૯૬૯નો ગુજરાતનો ૧૩મો.

(ક) ગુજરાત રાજ્ય માટે સ્થાપેલ અને રચાયેલ અને નિયત દિવસની તરત પહેલાં કાર્ય કરતી ગુજરાત કૃષિ યુનિવર્સિટી, તેના તમામ અધિકારી મંડળો સાથે (જેનો આમાં હવે પછી "વિસર્જિત યુનિવર્સિટી" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) વિસર્જિત થયેલ ગણાશે અને રદ કરેલ અધિનિયમની કલમ ૯ હેઠળ નિર્દિષ્ટ કરેલ અથવા જાહેર કરેલ તેના તમામ અધિકારીઓએ, તેમના હોદ્દો ખાલી કર્યા હોવાનું ગણાશે.

(ખ) વિસર્જિત યુનિવર્સિટીની માલિકીની અને યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી તમામ જમીન અને તમામ સ્ટોર્સ, વસ્તુઓ અને માલ, આ અધિનિયમ હેઠળ તે વિસ્તાર માટે રચાયેલ યુનિવર્સિટી (જેનો આમાં હવે પછી " નવી યુનિવર્સિટી" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં જશે:

પરંતુ રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે, કોઈપણ માલ સામાન અથવા માલસામાનનો વર્ગ, માલસામાનની સ્થિતિ અનુસાર હોય તે સિવાય વહેંચવા જોઇએ ત્યારે રાજ્ય સરકાર માલસામાનની ન્યાયી અને સમાન વહેંચણી માટે પોતે યોગ્ય ગણે તેવા આદેશો આપી શકશે અને માલસામાન, તદનુસાર નવી યુનિવર્સિટીને મળશે.

**સ્પષ્ટીકરણ:**– ખંડ (ખ) ના હેતુઓ માટે "જમીન" માં દરેક પ્રકારની સ્થાવર મિલકત અને આવી મિલકતમાંના અથવા તેના ઉપરના કોઈપણ હકનો સમાવેશ થાય છે.

(ગ) અનુસુચિ ૨ના કોલમ ૧ માં નિર્દિષ્ટ કરેલ અંગભૂત કોલેજ વિસર્જિત યુનિવર્સિટીની અંગભૂત કોલેજ હોતી બંધ થશે અને સદરહુ અનુસુચિના કોલમ ૨ માં તેની સામે જણાવેલ યુનિવર્સિટીની અંગભૂત કોલેજ બનશે.

(ઘ) સામાન્ય ફંડ અને ફાઉન્ડેશન ફંડમાં નહિ ખર્ચેલ સિલક પછી તે બેન્કમાં જમા કરાવેલ હોય અથવા નિયત દિવસની તરત પહેલાં વિસર્જિત યુનિવર્સિટીની જામીનગીરીમાં રોકેલ હોય તો પણ, તેને અસર કરતા તમામ બોજા અને જવાબદારીને અધીન રહીને, રાજ્ય સરકાર, આદેશ કરે તેટલા પ્રમાણમાં અને તેવી રીતે નવી યુનિવર્સિટીમાં નિહિત થશે;

(ચ) નિયત દિવસે નોકરીમાંના તે યુનિવર્સિટીના અધિકારી અથવા કર્મચારીના પ્રોવિડન્ટ ફંડ ખાતાના સંબંધમાં, વિસર્જિત યુનિવર્સિટીની જવાબદારી, તે દિવસથી, જેને અધિકારી અથવા કર્મચારી ફાળવેલ હોય તે નવી યુનિવર્સિટીની જવાબદારી થશે.

(છ) નિયત દિવસ પહેલાં અને તે દિવસે અસ્તિત્વમાં હોય તેવા, વિસર્જિત યુનિવર્સિટીએ અથવા તેના વતી વ્હોરેલ તમામ દેવાં અને જવાબદારીઓ અને કરેલ તમામ કરાર, જેટલે સુધી યુનિવર્સિટી વિસ્તારને તે લાગુ પડે તેટલે સુધી, તે વિસ્તાર માટે રચાયેલ યુનિવર્સિટીએ વ્હોરેલ દેવાં અને જવાબદારીઓ અને કરેલા કરાર ગણાશે:

પરંતુ રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે આ ખંડ, વિસર્જિત યુનિવર્સિટીએ અથવા તેના વતી વ્હોરેલ કોઈપણ દેવાં અને જવાબદારીઓને અથવા કરેલા કોઇ કરારને લાગુ પડતો નથી, ત્યારે, રાજ્ય સરકાર, દેવાં અને જવાબદારીઓ અને કરારો અને દેવાની ન્યાયી અને સમાન ફાળવણી માટે પોતે યોગ્ય ગણે તેવા આદેશો આપી શકશે.

(જ) નિયત દિવસની તરત પહેલાં વિસર્જિત યુનિવર્સિટીની સેવામાંના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ, રાજ્ય સરકાર, પોતે, સરકારી રાજપત્રમાં જાહેરનામાથી, જણાવે તેવા સિધ્ધાંતોને ધ્યાનમાં લઈને, પોતે આદેશ કરે તેવી રીતે, નવી યુનિવર્સિટીને ફાળવવામાં આવશે અને આ અધિનિયમ અનુસાર હોય તેવી બીજી જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી જેના માટે તેઓ હકદાર હોય અથવા નિયત દિવસની તરત પહેલાં અધીન હોય તે પગારો અને ભથ્થાં મેળવશે અને તેવી સેવાની શરતોને અધીન રહેશે:

પરંતુ નવી યુનિવર્સિટીને ફાળવેલ કોઈપણ અધિકારી અથવા કર્મચારીને નિયત દિવસની તરત પહેલાં લાગુ પડતી સેવાની શરતોમાં, રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી સિવાય તેને ગેરલાભ થાય તે રીતે ફેરફાર કરી શકાશે નહિ.

(૨) ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ માં અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, પેટા–કલમ (૧) ના ખંડ (ક) ની રુએ અધિકારી હોતો બંધ થઈ હોય તે વ્યકિત અથવા પેટા–કલમ (૧) ના ખંડ (જ) હેઠળ કરેલી ફાળવણીના પરિણામે કોઈપણ નવી યુનિવર્સિટીને તબદીલ થયેલ હોય તેવી વિસર્જિત યુનિવર્સિટીના અધિકારી અથવા કર્મચારી, આ અધિનિયમ હેઠળ અથવા તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ બીજા કાયદા હેઠળ એવી રીતે બંધ થવા અથવા તબદીલ થવા માટે કોઈપણ વળતર મેળવવા હકદાર થશે નહિ અને કોઈપણ કોર્ટથી, ટ્રિબ્યુનલથી અથવા બીજા અધિકારીમંડળથી આવો કોઇ દાવો દાખલ કરી શકાશે નહિ. સન ૧૯૪૭નો ૧૪મો.

**અનુસુચિ ૧**

**(જુઓ કલમ ૨ નો ખંડ(૨૦))**

**યુનિવર્સિટી વિસ્તાર**

**ભાગ ૧**

**આણંદ કૃષિ યુનિવર્સિટી**

| | |
|---|---|
| ૧ | આણંદ જિલ્લો |
| ૨ | અમદાવાદ જિલ્લો |
| ૩ | વડોદરા જિલ્લો |
| ૪ | દાહોદ જિલ્લો |
| ૫ | પંચમહાલ જિલ્લો |
| ૬ | ખેડા જિલ્લો |

### ભાગ ૨

### જુનાગઢ કૃષિ યુનિવર્સિટી

| | |
|---|---|
| ૧ | અમરેલી જિલ્લો |
| ૨ | ભાવનગર જિલ્લો |
| ૩ | જામનગર જિલ્લો |
| ૪ | જુનાગઢ જિલ્લો |
| ૫ | પોરબંદર જિલ્લો |
| ૬ | રાજકોટ જિલ્લો |
| ૭ | સુરેન્દ્રનગર જિલ્લો |

### ભાગ ૩

### નવસારી કૃષિ યુનિવર્સિટી

| | |
|---|---|
| ૧ | ભરૂચ જિલ્લો |
| ૨ | ડાંગ જિલ્લો |
| ૩ | નર્મદા જિલ્લો |
| ૪ | નવસારી જિલ્લો |
| ૫ | સુરત જિલ્લો |
| ૬ | વલસાડ જિલ્લો |

### ભાગ ૪

### સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી

| | |
|---|---|
| ૧ | બનાસકાંઠા જિલ્લો |
| ૨ | ગાંધીનગર જિલ્લો |
| ૩ | કચ્છ જિલ્લો |
| ૪ | મહેસાણા જિલ્લો |
| ૫ | પાટણ જિલ્લો |
| ૬ | સાબરકાંઠા જિલ્લો |

## અનુસુચિ ૨

( જુઓ કલમ ૬૬ ની પેટા-કલમ (૧) નો ખંડ (ગ))

| કોલેજ | યુનિવર્સિટી |
| --- | --- |
| ૧ | ૨ |
| બંસીલાલ અમૃતલાલ કૃષિ કોલેજ, આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટી |
| પશુચિકિત્સા વિજ્ઞાન અને પશુપાલન કોલેજ, આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટી |
| શેઠ મનસુખલાલ છગનલાલ ડેરી વિજ્ઞાન કોલેજ, આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટી |
| કૃષિ કોલેજ, જુનાગઢ | જુનાગઢ કૃષિ યુનિવર્સિટી |
| કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, જુનાગઢ | જુનાગઢ કૃષિ યુનિવર્સિટી |
| મત્સ્યોદ્યોગ વિજ્ઞાન કોલેજ, વેરાવળ | જુનાગઢ કૃષિ યુનિવર્સિટી |
| શ્રી નવિનચંદ્ર મફતલાલ કૃષિ કોલેજ, નવસારી | નવસારી કૃષિ યુનિવર્સિટી |
| બાગાયત અને વનીકરણ આસ્પી કોલેજ નવસારી | નવસારી કૃષિ યુનિવર્સિટી |
| ચીમનલાલ પટેલ કૃષિ કોલેજ | સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી |
| પશુચિકિત્સા વિજ્ઞાન અને પશુ પાલન કોલેજ | સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી |
| ગૃહ વિજ્ઞાન આસ્પી કોલેજ | સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી |

------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.